RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 044 Dt. 04-09-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આપના મોબાઇલમાં
રાજકોટ મિરર
મેળવવા ઇચ્છો છો?
QR કોડ સ્કેન કરો અને જોડાવ
અમારા whatsapp ગ્રુપમાં

## કાઉન્સીલનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

# આનંદો : GST સ્લેબ હવે 5%–18%

## કાઉન્સિલે ૧૨% અને ૨૮% ના સ્લેબને સંપૂર્ણપણે દૂર કર્યા હતા : GST કાઉન્સિલે મંત્રીઓના જૂથની બધી ભલામણોને મંજૂરી આપી , ૨૨ સપ્ટેમ્બરથી થશે લાગુ

નવીદિલ્હી, તા. ૩

બુધવારે દિલ્હીના સુષ્મા સ્વરાજ ભવન ખાતે GST કાઉન્સિલની મેગા મીટિંગ યોજાઈ હતી, જે રાત્રે ૯ વાગ્યે પૂરી થઈ હતી. આ મીટિંગ સવારે ૧૧ વાગ્યે શરૂ થઈ હતી. એટલે કે, મીટિંગ ૧૦ કલાક સુધી ચાલી હતી. મીટિંગમાં ૫% અને ૧૮% ના બેવડા GST સ્લેબને મંજૂરી આપવામાં આવી હતી. ઉપરાંત, કાઉન્સિલે ૧૨% અને ૨૮% ના સ્લેબને સંપૂર્ણપણે દૂર કર્યા હતા. હવે નાણામંત્રી નિર્મલા સીતારમણ સવારે ૧૦ વાગ્યે પ્રેસ કોન્ફરન્સ કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, GST કાઉન્સિલે મંત્રીઓના જૂથની બધી ભલામણોને મંજૂરી આપી હતી. ઉપરાંત, બધા રાજ્યોએ દરખાસ્તો પર સર્વસંમતિથી સંમતિ આપી હતી. આ મીટિંગ વેપારીઓ અને સામાન્ય લોકો માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે નાણામંત્રી નિર્મલા સીતારમણ આ મીટિંગ માટે કેન્દ્ર સરકારની કેબિનેટ મીટિંગમાં પણ ગયા ન હતા. નાણામંત્રીની અધ્યક્ષતામાં બે દિવસીય મીટિંગ ગુરુવાર, ૪ સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે.

કાઉન્સિલે ટેક્સ સ્લેબના માળખાને સરળ બનાવવા સંમતિ આપી હતી. ૧૨% અને ૨૮% ના સ્લેબને સંપૂર્ણપણે દૂર કરવામાં આવ્યા હતા. હવે ફક્ત બે મુખ્ય સ્લેબ રહેશે - ૫% અને ૧૮%. આમાં, ૧૨% વાળી લગભગ ૯૯% વસ્તુઓને ૫% અને ૨૮% વાળી મોટાભાગની વસ્તુઓને ૧૮% પર ખસેડવામાં આવી છે. જોકે, પાન મસાલા, તમાકુ જેવી પાપ વસ્તુઓ અને લક્ઝરી કાર પર ૪0% નો નવો સ્લેબ પ્રસ્તાવિત કરવામાં આવ્યો છે.

### વિપક્ષનો વાંધો, સરકાર મતદાન કરાવી શકે છે

બેઠકમાં, વિપક્ષી રાજ્યોના નાણામંત્રીઓએ વળતરનો મુદ્દો ઉઠાવ્યો. તેમનું કહેવું છે કે જ્યાં સુધી રાજ્યોના નાણાકીય નુકસાનની ભરપાઈ ન થાય ત્યાં સુધી દર માળખામાં ફેરફાર પર સંમતિ થઈ શકતી નથી. સરકારે સ્પષ્ટ કર્યું કે જો સર્વસંમતિ ન મળે તો મતદાનનો વિકલ્પ પણ અપનાવી શકાય છે.



### પહેલા દિવસે કયા નિર્ણયો લેવામાં આવ્યા?

૧ ઓટોમેટિક GST રિફંડની પ્રક્રિયા પર સર્વસંમતિ સધાઈ.
૨ નિકાસકારો માટે નોંધણીનો સમય ૧ મહિનાથી ઘટાડીને ૩ દિવસ કરવામાં આવ્યો.
૩ ૨૫00 રૂપિયા સુધીના કપડાં અને ફૂટવેર પર GST ૫% કરવામાં આવ્યો છે. અગાઉ, ૧000 રૂપિયાથી વધુની વસ્તુઓ પર ૧૨% કર લાગતો હતો.
૪ પનીર, ખાખરા, ચપાતી, સાબુ, ટૂથપેસ્ટ અને શેમ્પૂ જેવી રોજિંદા વસ્તુઓ પર કર ૧૮% થી ઘટાડીને ૫% અથવા 0% કરવા અંગે ચર્ચા થઈ.
૫ આરોગ્ય અને જીવન વીમા પર રાહતનો પણ વિચાર કરવામાં આવ્યો. ૫ લાખ સુધીના કવરેજ સાથે આરોગ્ય પોલિસી અને ટર્મ વીમા પર સંપૂર્ણ મુક્તિ મળવાની શક્યતા છે.

### ભારતીય ફાર્માસ્યુટિકલ ઉદ્યોગના વિકાસને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓ સાથે સ્થાનિક નિયમો લાવવા માટેના પ્રયાસો

# ફાર્માસ્યુટિકલ-ક્લિનિકલ સંશોધન ક્ષેત્રોમાં નિયમોમાં સુધારો કરવાની યોજના



નવીદિલ્હી, તા. ૩

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે બુધવારે ફાર્માસ્યુટિકલ અને ક્લિનિકલ સંશોધન ક્ષેત્રો માટે નિયમોમાં સુધારો કરવાની યોજના જાહેર કરી છે જેથી વ્યવસાય કરવામાં સરળતા રહે. ''નવા ડ્રગ્સ અને ક્લિનિકલ ટ્રાયલ્સ નિયમો, ૨૦૧૯ માં પ્રસ્તાવિત સુધારાઓનો ઉદ્દેશ્ય ટ્રાયલ લાઇસન્સ મેળવવા અને બાયોઉપલબ્ધતા/બાયોઇક્વિવેલન્સ અભ્યાસ સંબંધિત અરજીઓ સબમિટ કરવા માટેની આવશ્યકતાઓ અને પ્રક્રિયાઓને સરળ બનાવવાનો છે,'' મંત્રાલયે જણાવ્યું. મંત્રાલયે એ પણ માહિતી આપી કે તેણે જાહેર ટિપ્પણીઓ માટે ૨૮ ઓગસ્ટના રોજ ભારતના ગેઝેટમાં તેને પ્રકાશિત પણ કર્યું છે.

આ પહેલ ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં ચાલી રહેલા નિયમનકારી સુધારાઓ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. ''આ ભારતીય ફાર્માસ્યુટિકલ ઉદ્યોગના વિકાસને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓ સાથે સ્થાનિક નિયમો લાવવા માટે વ્યવસાય કરવામાં સરળતા તરફના વ્યાપક પ્રયાસોનો એક ભાગ છે,'' મંત્રાલયે જણાવ્યું. આ સુધારા કંપનીઓને લાઇસન્સ વિના ચોક્કસ ક્લિનિકલ ટ્રાયલ્સ કરવાની અને આ ટ્રાયલ્સ માટે જરૂરી દવાઓનું ઉત્પાદન કરવાની મંજૂરી આપશે. નિયમનકારને જાણ કર્યા પછી આ પ્રવૃત્તિઓ શરૂ થઈ શકે છે.

આ ફેરફારોનો હેતુ ઇઅ/ઇઊ અભ્યાસની વહેલી શરૂઆત સુનિશ્ચિત કરવાનો પણ છે. આ અભ્યાસો એ દર્શાવવા માટે જરૂરી છે કે નવી દવા એ જ રીતે શોષાય છે અને અગાઉ મંજૂર કરાયેલી દવાની તુલનામાં સમાન પરિણામો ઉત્પન્ન કરે છે. જોકે, આ મુક્તિ ફક્ત મૌખિક ફોર્મ્યુલેશન પર જ લાગુ પડશે જે ઊઞ, ઞઊં, જાપાન, ઓસ્ટ્રેલિયા, ઞજ અને કેનેડા જેવા કડક નિયમનકારી પ્રણાલીઓ ધરાવતા દેશોમાં પહેલાથી જ મંજૂર થઈ ચૂક્યા છે.

# પાકિસ્તાન-બાંગ્લાદેશ-અફઘાનિસ્તાનથી ૨૦૨૪ સુધી આવેલા લઘુમતીઓ રહી શકશે ભારતમાં

## CAA પર કેન્દ્રનો મોટો નિર્ણય : એવા લોકોને રાહત આપવામાં આવશે જેઓ માન્ય પાસપોર્ટ અને વિઝા વિના ભારત આવ્યા હતા અથવા જેમના દસ્તાવેજો સમાપ્ત થઈ ગયા છે

નવીદિલ્હી, તા. ૩

કેન્દ્ર સરકારે ધાર્મિક ઉત્પીડનથી બચીને ભારત આવેલા અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના લઘુમતી સમુદાયોને મોટી રાહત આપી છે. ગૃહ મંત્રાલયે એક આદેશમાં જણાવ્યું હતું કે ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધી ભારત આવેલા હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી સમુદાયના લોકોને પાસપોર્ટ અથવા અન્ય મુસાફરી દસ્તાવેજો વિના પણ દેશમાં રહેવાની મંજૂરી આપવામાં આવશે. આ આદેશ ઈમિગ્રેશન અને ફોરેનર્સ એક્ટ, ૨૦૨૫ હેઠળ જારી કરવામાં આવ્યો છે. આ હેઠળ, એવા લોકોને રાહત આપવામાં આવશે જેઓ માન્ય પાસપોર્ટ અને વિઝા વિના ભારત આવ્યા હતા અથવા જેમના દસ્તાવેજો સમાપ્ત થઈ ગયા છે. ગૃહ મંત્રાલયના આદેશમાં જણાવાયું છે કે જે લોકો ધાર્મિક ઉત્પીડન અથવા તેના ડરથી ભારતમાં આવ્યા હતા અને ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધી દેશમાં પ્રવેશ્યા હતા તેમને પાસપોર્ટ અને વિઝા રાખવાના નિયમમાંથી મુક્તિ આપવામાં આવશે.



નોંધનીય છે કે ઈઅઅ ગયા વર્ષે લાગુ કરવામાં આવ્યો હતો. આ અંતર્ગત, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના લઘુમતી સમુદાયો - હિન્દુઓ, શીખો, બૌદ્ધો, જૈનો, પારસીઓ અને ખ્રિસ્તીઓ - ને ભારતીય નાગરિકતા આપવાની જોગવાઈ છે જો તેઓ ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ સુધી ભારત આવ્યા હોય. ઘણા લોકો ૨૦૧૪ પછી પણ ધાર્મિક ઉત્પીડનથી બચવા માટે ભારત આવ્યા હતા. આમાં, પાકિસ્તાનથી આવતા હિન્દુઓની સંખ્યા ખાસ કરીને વધુ છે. આ આદેશથી આવા લોકો માટે મોટી રાહત થઈ છે કારણ કે હવે તેમને દેશમાં રહેવા માટે પાસપોર્ટ કે વિઝાની માન્યતા બતાવવાની જરૂર રહેશે નહીં. આ પગલાથી હજારો લોકોની ચિંતા દૂર થશે, ખાસ કરીને પાકિસ્તાનથી આવતા હિન્દુ પરિવારોને રાહત મળશે. હવે તેઓ કોઈપણ કાનૂની ભય વિના દેશમાં રહી શકશે. જોકે, ઈઅઅ ની જોગવાઈઓ મુજબ, નાગરિકતાનો અધિકાર ફક્ત ૨૦૧૪ સુધી આવેલા લોકોને જ આપવામાં આવશે, પરંતુ ૨૦૧૪ પછી આવેલા લોકો માટે, આ આદેશ ભારતમાં રહેવા માટે એક મોટી સુરક્ષા કવચ સાબિત થશે.

### ગૃહ મંત્રાલયે આદેશમાં શું કહ્યું?

૩૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધી ભારત આવેલા લઘુમતી સમુદાયોને પાસપોર્ટ અને વિઝાની જરૂરિયાતમાંથી મુક્તિ આપવામાં આવશે, પછી ભલે તેઓ દસ્તાવેજો વિના આવ્યા હોય અથવા માન્ય દસ્તાવેજો સાથે આવ્યા હોય જે હવે સમાપ્ત થઈ ગયા હોય. આ મુક્તિ ખાસ કરીને એવા લોકોને આપવામાં આવી છે જેમણે ધાર્મિક અત્યાચારનો સામનો કર્યો છે.

# પંજાબ આપતિગ્રસ્ત : ૨૩ જિલ્લાઓના ૧૨00થી વધુ ગામો પૂરની ઝપેટમાં

## લગભગ ૩.૭૫ લાખ એકર ખેતીની જમીન, ખાસ કરીને ડાંગરના ખેતરો પાણીમાં ડૂબી ગયા : આગામી દિવસોમાં પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે





નવીદિલ્હી, તા. ,૩

પંજાબમાં સતત વરસાદ અને પૂરને કારણે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. રાજ્યના તમામ ૨૩ જિલ્લાઓના ૧૨૦૦ થી વધુ ગામો પૂરની ઝપેટમાં છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, પંજાબ સરકારે સમગ્ર રાજ્યને આપત્તિગ્રસ્ત જાહેર કર્યું છે. મુખ્ય સચિવ કેએપી સિંહાએ આ સંદર્ભમાં આદેશો જારી કર્યા છે. તમામ વિભાગોને એલર્ટ પર રાખવામાં આવ્યા છે. આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ ૨૦૨૫ હેઠળ, તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ અને વિભાગોને રાહત કાર્ય ઝડપી બનાવવા સૂચના આપવામાં આવી છે. પૂરની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, પંજાબમાં તમામ સરકારી/સહાયિત/માન્યતા પ્રાપ્ત અને ખાનગી શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ અને પોલિટેકનિક ૭ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી બંધ રહેશે.

આદેશોમાં કહેવામાં આવ્યું છે કે રાજ્ય હાલમાં દાયકાઓમાં સૌથી ભયાનક પૂરનો સામનો કરી રહ્યું છે. ભારે ચોમાસાના વરસાદ અને ડેમમાંથી છોડવામાં આવેલા પાણીને કારણે ઘણા જિલ્લાઓમાં વ્યાપક પૂર આવ્યું છે. પરિસ્થિતિ સતત વણસી રહી છે, અને એવી આશંકા છે કે આગામી દિવસોમાં પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે. હાલમાં, લગભગ ૩.૭૫ લાખ એકર ખેતીની જમીન, ખાસ કરીને ડાંગરના ખેતરો પાણીમાં ડૂબી ગયા છે, જેના કારણે પાક સંપૂર્ણપણે નાશ પામ્યો છે. આ ઉપરાંત, મોટી સંખ્યામાં પશુધનના નુકસાનના અહેવાલો છે, જેના કારણે ગ્રામીણ પરિવારોની આજીવિકા પર ખરાબ અસર પડી છે.

મુખ્ય સચિવે આ સંદર્ભમાં તમામ ડીસીઓને સૂચનાઓ જારી કરી છે કે તેઓ કોઈપણ આપત્તિ પરિસ્થિતિનો સામનો કરવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટને જરૂરી આદેશો આપી શકે. તમામ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તાવાળાઓએ તાત્કાલિક અને પૂરતા રાહત પગલાં લેવા જોઈએ. રાજ્યના તમામ લાઇન વિભાગોએ તેમના કટોકટીના કાર્યો પ્રાથમિકતા પર લેવા જોઈએ અને સપ્તાહના અંતે અથવા રજાઓ હોવા છતાં ફરજ પર રહેવું જોઈએ. પીડબ્લ્યુડી, જળ સંસાધન વિભાગ અને પીએસપીસીએલે સેવાઓ પુનઃસ્થાપિત કરવા માટે યુદ્ધના ધોરણે કામ કરવું પડશે. ટેલિકોમ સેવા પ્રદાતાઓએ તાત્કાલિક મોબાઇલ અને લેન્ડલાઇન સેવાઓ પુનઃસ્થાપિત કરવી જોઈએ. પંચાયતો અને શહેરી સંસ્થાઓએ કટોકટી પ્રતિભાવ, રાહત અને પુનર્વસનમાં સંપૂર્ણ સહાય પૂરી પાડવી જોઈએ. સરકારે તમામ વિભાગો અને એજન્સીઓને લોકોના જીવન અને સંપત્તિનું રક્ષણ કરવા માટે સંપૂર્ણ તૈયારી સાથે કામ કરવા અપીલ કરી છે.

### યાયાવર પક્ષીઓ, ઘુડખર, ડોલ્ફિન, ચિંકારા સહિત અન્ય પક્ષીઓ માટે ઉત્તમ સ્થાન

# એશિયાઈ સાવજ માટે ગુજરાત સુરક્ષિત રહેઠાણ

## એશિયાઇ સિંહોની વસ્તી વધીને ૮૯૧ : અંદાજે ૧૮ થી ૨૦ લાખ દેશ-વિદેશી પક્ષીઓ રાજ્યની મુલાકાતે



રાજકોટ, તા. ૩

વન્યજીવના સંરક્ષણ અને સંવર્ધન માટે ગુજરાત સરકાર જન ભાગીદારીથી અનેકવિધ નવતર અભિગમ અપનાવી રહી છે. જેના પરિણામ સ્વરૂપે એશિયાઈ સિંહ, યાયાવર પક્ષીઓ, ઘુડખર, ડોલ્ફિન, નીલગાય, ચિંકાર, ભારતીય સસલું, શિયાળ, રણ લોકડી, કાળીયાર, વરુ, રીંછ, ઝરખ, જંગલી બિલાડી સહિત અનેક લાખ્ખો અબોલા જીવ માટે વર્ષોથી ગુજરાત સૌથી 'સુરક્ષિત' રહેઠાણ બન્યું છે.

ઈકોસિસ્ટમ, લુપ્તપ્રાય વનસ્પતિ, વન્ય પ્રાણી સૃષ્ટિને બચાવવા અને પર્યાવરણનું જતન કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે કડક કાયદાઓ, નિયમો અને યોજનાઓ અમલી બનાવી છે. વન્ય જીવ સંરક્ષણ-સંવર્ધનના આ અભિયાનને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને વન મંત્રી મુળુભાઈ બેરા તેમજ રાજ્ય વન મંત્રી મુકેશભાઈ પટેલના નેતૃત્વમાં વન વિભાગ સુપેરે આગળ ધપાવી રહ્યો છે. આ સંયુક્ત પ્રયાસોના પરિણામે જ વન્ય અને જળચર પ્રાણીઓ માટે ગુજરાત પસંદગીનું રાજ્ય બન્યું છે.

વન્યજીવ પ્રત્યે સંવેદના, તેના રહેઠાણ અંગે જાગૃતિ અને સંરક્ષણના હેતુ સાથે ગુજરાત સહિત સમગ્ર દેશમાં દર વર્ષે તા. ૪ સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય વન્યજીવ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે વન્યજીવ દિવસની ઉજવણીમાં મુખ્યત્વે 'લુપ્ત થતી પ્રજાતિઓ-પ્રાણીઓને બચાવવા અને તેમના ટકાઉ જીવન જીવવા' અંગે વધુ જાગૃતિ આવે તેવા બિંદુઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. વન વિભાગ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજ્યભરમાં વિવિધ સ્વરૂપે 'રાષ્ટ્રીય વન્યજીવ દિવસ'ની ઉજવણી કરવામાં આવશે.

### ૨૦૨૪ની ગણતરી મુજબ ગુજરાતમાં ૭,૬૭૨ ઘુડખર

ભારતમાં માત્ર ગુજરાતમાં જોવા મળતા ઘુડખર રાજ્યનું ગૌરવ છે. ભૂતકાળમાં ઘુડખર ઉત્તર – પશ્ચિમ ભારત, પાકિસ્તાનથી માંડીને મધ્ય– એશિયાના સુકા વિસ્તાર સુધી વિહરતા જોવા મળતા હતા. જોકે, આ ઘુડખર હાલ ભારતમાં એક માત્ર ગુજરાતના કચ્છના નાના–મોટા રણના વિસ્તારોમાં જ જોવા મળે છે. ગુજરાત સરકારના અવિરત પ્રયાસ તેમજ વિવિધ જાગૃતતા અભિયાનોના પરિણામે ૭,૬૭૨ ઘુડખરની વસ્તીમાં નોંધાઈ છે, એટલે કે અંદાજે ૨૬.૧૪ ટકાનો વધારો નોંધાયો છે. ઘુડખર મુખ્યત્વે રાજ્યના ૬ જિલ્લાઓમાં જોવા મળે છે. વન અને પર્યાવરણ વિભાગ દ્વારા વર્ષ–૨૦૨૪માં ૧૦મી ઘુડખર વસ્તી ગણતરી કરવામાં આવી હતી, જેમાં રાજ્યમાં ઘુડખરની કુલ વસ્તી અંદાજે ૭,૬૭૨ નોંધાઈ છે. જ્યારે, છેલ્લી ગણતરી મુજબ ગુજરાતમાં ૬,૦૮૨ ઘુડખર હતા. ગુજરાતના ઘુડખર વિશ્વમાં 'ઊીીંત વચળશક્ષશઙ્ગીત સવીિ' અને ખુર તરીકે પણ ઓળખાય છે.ઘુડખર વસ્તી ગણતરી અંદાજે ૭૦૦૦૦ઉ–૨૦૨૪માં લગભગ ૧૫,૫૧૦ ચો. કિ.મી. વિસ્તારમાં ડાયરેક્ટ કાઉન્ટ મેથડથી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪માં ઘુડખરની સાથે સાથે અન્ય વન પ્રાણીઓની ગણતરી પણ કરવામાં આવી હતી. આ ગણતરીમાં નીલગાય, ચિંકારા, કાળિયાર, જંગલી ભૂંડ, ભારતીય શિયાળ, રણ લોંકડી જેવા વન્ય જીવોનો સમાવેશ થાય છે. જેમાં સૌથી વધુ ૨,૭૩૪ નીલગાય, ૯૧૫ જંગલી ભૂંડ, ૨૨૨ ભારતીય સસલું, ૨૧૪ ચિંકારા તેમજ ૧૫૩ ભારતીય શિયાળ નોંધાયા છે.

### ગુજરાતનો વૈવિધ્ય પૂર્ણ વન્યજીવ વારસો એશિયાઈ સિંહ, ગુજરાતનું ઘરેણું

રાજ્યમાં તાજેતર મે–૨૦૨૫માં યોજવામાં આવેલી ૧૬મી સિંહ વસ્તી અંદાજના મુજબ સિંહોની સંખ્યા વધીને ૮૯૧ની થઈ છે. જેમાં ૧૯૬ નર, ૩૩૦ માદા તથા પાઠડા અને બાળ સિંહનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે ડાયરેક્ટ બીટ વેરિફિકેશન એટલે કે બ્લોક કાઉન્ટ પદ્ધતિથી સિંહની વસ્તી અંદાજની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ વર્ષે તારીખ ૧૦ થી ૧૩ મે દરમિયાન ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાના ૩૫ હજાર ચોરસ કિ.મી વિસ્તારમાં વનકર્મીઓ અને સરપંચો, ગ્રામજનો સહિત ૩૮૫૪નું માનવ બળ આ કામગીરીમાં જોડાયું હતું. ગુજરાતનું 'ઘરેણું' તરીકે ઓળખાતા એશિયાઈ સિંહની સંખ્યા વર્ષ ૨૦૦૧માં ૩૨૭, વર્ષ ૨૦૦૫માં ૩૫૯, ૨૦૧૦માં ૪૧૧, ૨૦૧૫માં ૫૨૩ અને વર્ષ ૨૦૨૦માં ૬૭૪ હતી તે હવે વધીને ૮૯૧ થઈ છે.

### ૨૦ લાખ દેશ–વિદેશી પક્ષીઓ રાજ્યની મુલાકાતે

ગુજરાતમાં વન વિભાગ દ્વારા તૈયાર કરાયેલા 'બર્ડ ડાયવર્સિટી રિપોર્ટઃ ૨૦૨૩–૨૪' મુજબ વન્ય જીવ સંરક્ષણ અને સુરક્ષા સહિત અનેક ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહ્યું છે ત્યારે અંદાજિત ૧૮ થી ૨૦ લાખની વિવિધ પક્ષી વસ્તી સાથે ગુજરાત સાચા અર્થમાં 'પક્ષી જીવન' માટે પણ સમગ્ર દેશમાં સ્વર્ગ તરીકે ઉભરી આવ્યું છે. ધાર્મિક અને પ્રવાસન ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતા દેવભૂમિ દ્વારકામાં સૌથી વધુ ૪૫૬ પક્ષી પ્રજાતિઓની વિવિધતા નોંધાઈ છે જયારે સરહદી કચ્છ જિલ્લામાં ૧૬૧ પ્રજાતિઓના ૪.૫૬ લાખ જેટલા પક્ષીઓ જોવા મળ્યા છે. આ સાથે જામનગર, મહેસાણા, બનાસકાંઠા તેમજ અમદાવાદ એ પક્ષી જગતમાં નોંધપાત્ર ફાળો આપે છે જે ગુજરાત માટે પક્ષી જીવનનો અતુલ્ય વારસો દર્શાવે છે. જામનગર વિવિધ ૨૨૧ પ્રજાતિઓની સાથે ૪ લાખથી વધુ પક્ષીઓની સંખ્યા ધરાવે છે.

### દરિયા કિનારે જોવા મળતી 'ડોલ્ફિન' નવું આકર્ષણ

ગુજરાત સૌથી લાંબો સમુદ્રી કિનારો ધરાવતો હોવાના લીધે સમૃદ્ધ જળચર પ્રાણી વારસો એટલે કે, અનેક દુર્લભ જળચર પ્રાણીઓ જોવા મળે છે. જેમાં સૌથી સુંદર અને આકર્ષક પ્રાણી છે 'ડોલ્ફિન'. ગુજરાત વન વિભાગ દ્વારા ગુજરાતમાં 'ડોલ્ફિનની વસ્તી ગણતરી' કરવામાં આવી હતી. જળચર– વન્ય જીવ સંરક્ષણ અને સંવર્ધનના વિશેષ પ્રયાસોના પરિણામે ગુજરાતના ૪,૦૮૭ ચો.કિ.મી.ના દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦ ડોલ્ફિન નોંધાઈ છે, ત્યારે જળચર તેમજ વન્યજીવ પ્રવાસન ક્ષેત્રે પણ ગુજરાતે હરણફાળ ભરી છે. જે સૌ ગુજરાતીઓ માટે ગૌરવ સમાન ક્ષણ છે. ગુજરાતમાં કચ્છથી ભાવનગર સુધીનો દરિયાકિનારો ડોલ્ફિનના 'ઘર' તરીકે પ્રસ્થાપિત થયો છે.



# ગુજરાત સરકારની નવી દિલ્હીમાં ઉચ્ચ સ્તરીય પરિસંવાદ બેઠક

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ટોચના ઉદ્યોગપતિઓ, રાજદ્વારીઓ તથા સરકારના વરિષ્ઠ અધિકારીઓ રહેશે ઉપસ્થિત

રાજકોટ, તા. ૩

આગામી વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદોના પરિપ્રેક્ષ્યમાં ગુજરાત સરકાર દ્વારા ૪ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ નવી દિલ્હીમાં એક ઉચ્ચ સ્તરીય પરિસંવાદ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રાદેશિક પરિષદોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહભાગીઓ સામેલ થશે જેમની સમક્ષ રાજ્યના સર્વાંગી પ્રાદેશિક વિકાસની પહેલોને પ્રસ્તૂત કરવામાં આવશે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS) ના ગૌરવમય વારસાને અનુરૂપ ગુજરાત સરકાર દ્વારા ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ચાર પ્રાદેશિક પરિષદોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરિષદો દરેક ક્ષેત્રની વિશિષ્ટ સંભાવનાઓને ઉજાગર કરવા, ક્ષેત્ર-વિશિષ્ટ તકોને ઓળખવા અને રોકાણોને તે ક્ષેત્રોમાં લાવવા પર કેન્દ્રિત છે.

માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નવી દિલ્હીમાં યોજાનાર આ પરિસંવાદ બેઠકનું નેતૃત્વ કરશે. આ કાર્યક્રમમાં બે સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં એક સત્રમાં ઉદ્યોગપતિઓ જ્યારે બીજા સત્રમાં ફોરેન મિશનના વડાઓ અને ભારત સરકારના વરિષ્ઠ અધિકારીઓ સાથે મુખ્યમંત્રી સંવાદ કરશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વિશેષ સંબોધન ઉપરાંત, ઉદ્યોગપતિઓ સાથે બપોરે એક સત્રનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ ગુજરાત સરકારના ઉદ્યોગ કમિશનર પી. સ્વરૂપ, IAS દ્વારા VGRC પર વિગતવાર પ્રેઝન્ટેશન આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ઉદ્યોગપતિઓ તેમના અનુભવો શેર કરી શકે તેના માટે પણ એક સત્ર રહેશે.

ભારત સરકારના ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ (DPIIT)ના સચિવ અમરદીપ સિંહ ભાટિયા, IAS અને ગુજરાત સરકારના મુખ્ય સચિવ પંકજ જોશી ઈઅજ પણ સત્ર દરમિયાન સંબોધન કરશે. સાંજના સમયગાળામાં ફોરેન મિશનના વડાઓ અને ભારત સરકારના વરિષ્ઠ અધિકારીઓના ખાસ સત્રમાં માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વિશેષ સંબોધન કરશે. આ સત્રમાં ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના મુખ્ય સચિવ મમતા વર્મા, IAS દ્વારા VGRC પર એક પ્રેઝન્ટેશન પણ રજૂ કરવામાં આવશે. ત્યારબાદ સુધાકર દલેલા, IFS, સચિવ (ER), MEA અને પંકજ જોશી, IAS, મુખ્ય સચિવ, ગુજરાત સરકાર દ્વારા સંબોધન કરવામાં આવશે.

વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદો (VGRCs) ક્ષેત્ર-કેન્દ્રિત ચર્ચાઓ, B2B/B2G બેઠકો, વેન્ડર ડેવલપમેન્ટ કાર્યક્રમો, રિવર્સ બાયર સેલર મીટ, ટ્રેડ શો/પ્રદર્શન, નેટવર્કિંગ તેમજ ખજ્ખઊત અને કારીગરોને પ્રોત્સાહન તેમજ ઓળખ આપવા માટે એક પ્લેટફોર્મ તરીકે કાર્ય કરશે. પ્રાદેશિક આકાંક્ષાઓને વૈશ્વિક મહત્વાકાંક્ષાઓ સાથે જોડવા માટે આ પ્લેટફોર્મની રચના કરવામાં આવી છે, જેથી ભારતના ગ્રોથ એન્જિન તરીકે ગુજરાતની ભૂમિકાને વધુ સશક્ત અને પ્રભાવી બનાવી શકાય.

### નગરપાલિકાઓ દ્વારા હાથ ધરાતા વિકાસ કામોને વધુ વેગવાન બનાવાશે : CM

# નગરપાલિકા કક્ષાએ વહિવટી મંજૂરી મળ્યા બાદ RCM દ્વારા બે હપ્તામાં ૧૦૦% ગ્રાન્ટની થશે ફાળવણી

## વિવિધ યોજનાઓ અન્વયેની ગ્રાન્ટમાંથી નગરોમાં હાથ ધરવાના થતા કામોની તાંત્રિક અને વહીવટી મંજૂરી આપવાની સત્તામાં ૫૦ ટકાનો વધારો કરતા મુખ્યમંત્રી

રાજકોટ, તા. ૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વર્ષની સંકલ્પના સાકાર કરીને શહેરો-નગરોમાં સ્થાનિક સત્તા તંત્રો દ્વારા હાથ ધરવામાં આવતા નાગરિકલક્ષી વિકાસ કામોને વધુ વેગવાન બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યની નગરપાલિકાઓને શહેરી વિકાસ વિભાગની યોજનાઓ તેમજ વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત રાજ્ય સરકારના આયોજન પ્રભાગ હસ્તકની ગ્રાન્ટમાંથી નગરપાલિકાઓ દ્વારા હાથ ધરવાના થતા કામોની તાંત્રિક અને વહીવટી મંજૂરી આપવાની સત્તા મર્યાદામાં ૫૦ ટકાનો વધારો કરવાનો મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય કર્યો છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષ ઉજવણીથી આયોજનબદ્ધ શહેરી વિકાસનો પાયો નાખ્યો હતો.

શહેરી વિકાસની બે દાયકાની આ સફળતાને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવીને શહેરી પરિવેશમાં પરિવર્તન અને નાગરિકોના સશક્તિકરણથી સ્માર્ટ એન્ડ સસ્ટેનેબલ સીટીઝ નિર્માણનું લક્ષ્ય રાખ્યું છે. આ લક્ષ્યને સાકાર કરવા શહેરોમાં વિકાસ કામોમાં વધુ વેગ લાવીને શહેરી જન સુવિધાના કામો ઝડપથી હાથ ધરવા માટે નાણાંકીય સત્તા મર્યાદામાં કરવામાં આવેલો આ વધારો પરિણામકારી બનશે.

મુખ્યમંત્રીએ આ હેતુસર 'અ' વર્ગની નગરપાલિકાઓના વિકાસ કામો માટે નગરપાલિકા કક્ષા સમિતિ દ્વારા તાંત્રિક અને વહીવટી મંજૂરી આપવાની હાલની નાણાંકીય મર્યાદા રૂ.૫૦ લાખ છે તેમાં રૂ.૨૦ લાખ વધારીને હવે રૂ.૭૦ લાખ કરી છે. એટલું જ નહિ, 'બ' વર્ગની નગરપાલિકાઓ માટે ૪૦થી વધારીને રૂ. ૫૦ લાખ, 'ક' વર્ગ માટે ૩૦થી વધારીને રૂ. ૪૦ લાખ, 'ડ' વર્ગ માટે ૨૦થી વધારીને રૂ. ૩૦ લાખ રૂપિયા સુધીના કામોની તાંત્રિક-વહીવટી મંજૂરી આપવાની સત્તા સોંપવામાં આવી છે.

મુખ્યમંત્રીએ વહિવટી સરળીકરણની દિશામાં એક ઉદાહરણરૂપ પગલું લઈને એવું સુનિશ્ચિત કરવાના દિશાનિર્દેશો પણ આપ્યા છે કે, નગરપાલિકા કક્ષાએ સમિતિ દ્વારા તાંત્રિક તેમજ વહિવટી મંજૂરી મળ્યેથી પ્રાદેશિક મ્યુનીસીપલ કમિશ્નર આર.સી.એમ. ઓફિસ દ્વારા સંબંધિત નગરપાલિકાને દરખાસ્ત મળ્યાના પાંચ દિવસમાં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે.

એટલું જ નહિ, આવી ગ્રાન્ટની બે હપ્તામાં ૧૦૦ ટકા ફાળવણી કરાશે. આના પરિણામે નગરપાલિકા વિસ્તારોમાં વિકાસ કામો શરૂ કરવામાં વિલંબનું નિવારણ અને ગ્રાન્ટનો મહત્તમ સદુપયોગ થશે. મુખ્યમંત્રી સમક્ષ શહેરી વિસ્તારોના ધારાસભ્ય, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના પદાધિકારીઓ-અગ્રણીઓએ આ માટે કરેલી રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતાં તેમણે નાણાંકીય સત્તા મર્યાદામાં વધારો કર્યો છે.



# ઉદ્યોગકારો ને નિકાસ ક્ષેત્રે નવી તક સાંપડે તે માટે સરકારને રજૂઆત

## અમેરિકા સાથે ચાલતા ટૈરિફ વોર વચ્ચે ચેમ્બરની સરકારને માંગ : વિવિધ સ્કીમોનું અમલીકરણ કરવા ગુહાર



રાજકોટ, તા. ૩

ભારત દેશ નિકાસક્ષેત્રે ખુબ જ નોંધપાત્ર પ્રગતિ કરી રહી રહયું છે તેમજ સરકાર દ્વારા નિકાસકારોને ખુબ જ પ્રોત્સાહન આપવામાં આવી રહયું છે. ત્યારે હાલમાં અમેરીકા સાથે ચાલી રહેલ ટેરીફ વોરમાં નિકાસકારોને રાહતની સાથે વધુ વેગવંતુ બનાવવા તેમજ અન્ય દેશોમાં ઉદ્યોગોને વિકસાવવા માટે વિવિધ સ્કીમોનું અમલીકરણ કરવા માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ પાર્થભાઈ ગણાત્રા દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, વાણિજય અને ઉદ્યોગમંત્રી પિયુષ ગોયેલ તથા સાંસદ સભ્ય પરષોતમભાઈ રૂપાલાને વિવિધ રજુઆતો કરવામાં આવી .

રજૂઆતમાં નિકાસકારો દ્વારા કરવામાં આવેલ પ્રી અને પોસ્ટ શીપમેન્ટ નિકાસ માટે લેવાય લોન અંતર્ગત 3% વ્યાજ સહાય પુરી પાડતી Interest Equalization Scheme સ્કીમ ૩૧-૧૨-૨૦૨૪ ના રોજ પુર્ણ થઈ ગઈ છે. જે તાત્કાલીક ફરી શરૂ કરી તા. ૦૧-૦૧-૨૦૨૫ થી તેના લાભો આપવા.

ત્યારબાદ જુની મશીનરી ખરીદનાર નવા ઉદ્યોગ સાહસીકોને કોઈપણ બેન્કમાંથી વર્કિંગ કેપીટલ મળતી નથી. જેના કારણે તેઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહી છે. કારણ કે, તેઓએ મશીનરી લોનનો લાભ લીધો નથી. આથી મશીનરી લોનનો આગ્રહ રાખ્યા વગર તેઓને વર્કિંગ કેપીટલ મળવી જોઈએ.

સરકાર દ્વારા ચોકકસ સિસ્ટમ વ્યાખ્યાતી કરી છે જેમ કે, નિકાસકારો માટે EDPMS અને આયાતકારો માટે IDPMS. આ સિસ્ટમો દરેક નિકાસ અને આયાતને ટ્રેક કરે છે. પરંતુ નિકાસકારો-આયાતકારો આ સિસ્ટમમાં સીધા જ પોતાનો ડેટા ચકાસી શક્તા નથી. આ અવરોધનું તાત્કાલીક નિરાકરણ લાવવું જરૂરી છે. જેથી કરીને તેમાં ભુલો સુધારી કરી શકાય, ચુકવણીઓ મેળ વી શકાય અને નિયમોનું પાલન કરી શકાય.

નિકાસકારો દ્વારા આંતર રાષ્ટ્રિય સ્તરે એકઝીબીશન, સેમીનારો, ટ્રેડ ફેર તેમજ અન્ય નિકાસ સબંધીત હેતુઓમાં ભાગ લેવા માટે નાણાંકીય સહાય આપવી. તેમજ નિકાસકારો દ્વારા ભાગ લીધેલા એકઝીબીશનો, ટ્રેડ ફેર વિગેરેની સંખ્યાને ધ્યાનમાં લીધા વગર આવા ખર્ચની ભરપાઈ કરવી જેથી કરીને નિકાસને વધુ વેગ મળે અને સ્પર્ધાત્મકતાને વધુ મજબુત બનાવી શકાય. મોરકકો, ઈજિપ્ત, અલ્જેરીયા વિગેરે જેવા ઉત્તર આફ્રિકાના દેશો સાથે ફોરેન ટ્રેડ એગ્રીમેન્ટ કરવા હાલના સમયમાં ખુબ જ જરૂરી છે. ખાસ કરીને વર્તમાન વૈશ્વીક પરિસ્થિતીને ધ્યાનમાં લેતા આવા ફોરેન ટ્રેડ એગ્રીમેન્ટ નિકાસકારોને ખુબ જ પ્રોત્સાહન આપશે.

મર્ચેટીંગ ટ્રેડ ટ્રન્ઝકેશન (MTT) માં એક ખાસ પ્રકારનો વૈશ્વીક વેપાર સામેલ છે. જયાં માલ ભારતના કસ્ટમ્સ ક્ષેત્રમાં પ્રવેશ્યા વગર સીધા એક વિદેશી દેશમાંથી બીજા દેશમાં જાય છે. ખાનગી બેન્કો દ્વારા જરૂરી વ્યવહારો યોગ્ય સમયે થતા નથી અને રાષ્ટ્રિકૃત બેન્કોમાં ઘણી પ્રક્રિયાઓનું પાલન કરવું પડે છે. તો આવા કેસોમાં સમગ્ર વ્યવહાર પ્રક્રિયા સરળ કરવી જોઈએ. કારણ કે, સ્વાભાવીક રીતે નિકાસકારો દ્વારા ડોલરના કન્વર્ઝન રેટમાં મેળવેલ નફો ભારત દેશમાં થવાનો છે. તેથી આવા વેપારને મંજુરી આપવી જોઈએ.





# દબાણ હટાવ શાખા ફરી બજારમાં

## જુલાઈના છેલ્લા ૧૫ દિવસમાં ૫૩ રેકડી-કેબિન, ૬૩૫ બોર્ડ-બેનર કર્યા જપ્ત : ૮.૧૦ લાખનો ફટકાર્યો દંડ

રાજકોટ, તા. ૩

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા ઓગસ્ટ મહિનાના છેલ્લા ૧૫ દિવસ દરમ્યાન રાજકોટ શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણરૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્તી તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે. જ્યુબેલી મવડી બ્રિજનીચે રેલ્વે લાઈન, આનંદ બંગલા ચોક,રામનાથ પરા,કરણપાર્ક,રૈયા રોડ,નંદનવન પાર્ક,રવિવારી આજીડેમ, કોઠારીયા રોડ,મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસેથી રસ્તા પર નડતરરૂપ ૫૩ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી.

જ્યુબેલી,જામનગર રોડ,હેમુગઢવી હોલ,જંકશન રોડ,ગાયત્રીનગર મે.રોડ, ઢેબર રોડ,જંકશન રોડ,કૃષ્ણનગર મે.રોડ,રૈયા રોડ,૧૫૦ ફુટ રોડ,કાલાવાડ રોડ,નાણાવટી ચોક,ભીમનગર રોડ,યુનિ.રોડ,કોઠારીયા રોડ,ધરાર માર્કેટ,મોરબી રોડ સેટેલાઈટ ચોક પરથી જુદીજુદી અન્ય ૫૫૦ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ.

જામનગર રોડ,લક્ષ્મિનગર, જ્યુબેલી,યુનિ. રોડ,કોટેચા ચોક થી આકાશવાણી ચોક સુધી,ધરાર માર્કેટ,કેસરી પુલ,પારેવડી ચોક,કોઠારીયા રોડ,મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસેથી ૨૨૪૮ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ.

કોઠારીયા રોડ, સંતકબીર રોડ,પેડક રોડ,ભાવનગર રોડ,પુષ્કરધામ મેઈન રોડ,,યુનિ. રોડ,નાણાવટી ચોક,રૈયા રોડ, મવડી વિસ્તાર, સ્વામીનારાયાણ ચોક,ઢેબર રોડ,સોરઠીયાવાડી પાસેથી રૂ.૨,૫૫,૦૦૦ મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.

૮૦ફુટ રોડ,પારેવડી ચોક ,સંતકબીર રોડ,ધરાર માર્કેટ,કોઠારીયા રોડ,મોરબી રોડ,ભાવનગર રોડ,કુવાડવા રોડ૮૦ફુટ રોડ,અટિકા ફાટક,જામનગર રોડ,ટાગોર રોડ,આનંદબંગલા ચોક,મવડી મેઈન રોડ,આહિર ચોક પરથી રૂ.૫,૫૫,૦૧૫ વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.જામનગર રોડ,જલારામ ચોક,જંકશન પ્લોટ,રેસકોર્ષ રોડ,યુનિ. રોડ,૧૫૦ ફુટ રોડ,નાણાવટી ચોક,સાધુવાસવાણી રોડ, પટેલ કન્યા છાત્રાલય,કોઠારીયા રોડ,સેટેલાઈટ ચોક પરથી ૬૩૫ બોર્ડ-બેનર જપ્ત કરેલા છે.

# બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયામાં કો. ચેરમેન તરીકે ધારાશાસ્ત્રી દિલીપ પટેલની નિમણૂક

## રાજકોટ બાર એસો., કલેઈમ બાર, લેબર બાર, રેવન્યુ બાર, ક્રિમીનલ બાર, મહિલા બાર, નોટરી બાર, જી.એસ.ટી. બાર સહિતના બારના હોદ્દેદારો દ્વારા કરાયું સન્માન



રાજકોટ, તા. ૩

એડવોકેટ તથા બાર કાઉન્સીલ પૂર્વ ચેરમેન દીલીપ પટેલની બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયામાં કો. ચેરમેન તરીકે નિમણુક થતા રાજકોટ બાર એસસોસીયેશનમાં હર્ષની લાગણી અનુભવેલ અને કોર્ટમાં દીલીપ પટેલનું સહ અધ્યક્ષ બનવા બદલ સન્માન કરવાનું રાજકોટ બારના પ્રમુખ પરેશ મારૂ, ઉપ-પ્રમુખ સુમીતભાઈ વોરા, સેક્રેટરી સંદીપ વેકરીયા, હોદ્દેદારો કેતન મંડ, જીતુભાઈ પારેખ, પંકજ દોંગા, રક્ષાબેન ઉપાધ્યાય સહિતનાઓએ રાજકોટની કોર્ટમાં સન્માન કાર્યક્રમ ગોઠવેલ હતુ.

રાજકોટ શહેરના બાર એસો.ના મહિલા તથા પુરૂષ ધારા શાસ્ત્રીઓ મોટી સંખ્યામાં દીલીપ પટેલ સાથે લાગણીથી જોડાયેલ હોય, હાજર રહેલ હતા. રાજકોટના મહિલા બાર એસો.ના નયનાબેન ચૌહાણ, કલેઈમ બારના ગોપાલભાઈ ત્રિવેદી, લેબર બારના વાઢેર સાહેબ, યાદવ સાહેબ, જી.એસ.ટી.બારના ત્રિવેદીભાઈ, રાજેશ કુકડીયા, રેવનયુ બાર એસો.ના રમેશભાઈ કથીરીયા, રેવન્યુ પ્રેકટીસના જી.એલ. રામાણી, ક્રિમીનલ બારના રાજભા હેરમા તથા તેમના હોદ્દેદારો દ્વારા દીલીપ પટેલનું સન્માન કરેલ હતુ.

આ તબકકે આ સત્કાર સમારંભમાં મોરબી બાર એસો.ના પ્રમુખ સોરીયા, દીલીપ અગચેણીયા, ગોડલ બારના રાખોલીયા, રૂમેશ પટેલ, લોધીકાના વિજયભાઈ રૈયાણી, જસદણના હોદ્દેદારો, પડધરીના કણઝારીયા વસંતભાઈ, પ્રફુલચંદ્ર કોટકભાઈ, રવિભાઈ ઝાલા સહિતના વિવિધ બાર એસો.ના હોદ્દેદારો તથા રાજકોટ શહેરની લો-કોલેજ દ્વારા અદકેરૂ સન્માન થયેલ હતુ.

રાજકોટ બાર એસોશીયેશનના સત્કાર સન્માન કાર્યક્રમમાં પ્રથમવાર દીલીપ પટેલ ઉપર એન્ટ્રીથી સ્ટેઈજ સુધી મહીલા ધ્વારા પુષ્પવર્ષા કરવામાં આવેલ તેવો અદભુત નજારો જોવા મળેલ હતો. આ અનોખા કાર્યક્રમમાં બહેનોની વિશાળ સંખ્યા તથા સીનીયર ધારાશાસ્ત્રીઓ જયદેવભાઈ શુકલ, એલ.જે.શાહી, જશુભાઈ કરથીયા, પી.આર. દેસાઈ, રવીભાઈ ગોગીયા, ટી.બી.ગોડલીયા, ઘોડાસરા સાહેબ, એ.જી.મોદન ધ્યાન ખેંચનાર સીનીયરો ઉપસ્થિત રહેલ હતા.

આ વિશાળ સંખ્યામાં સફળ કાર્યક્રમ અને અદભુત અને આયોજન કરનાર બાર એસોસીયેશનની કારોબારી સભ્યો પ્રગતી માંકડીયા, તુષાર દવે, નિકુંજ શુકલ, અશ્વિન રામાણી, સંજય ડાંગર, પરેશ પાદરીયા, કીશન રાજાણી, હીરેન ડોબરીયા, મુનિષભાઈ સોનપાલ, કીશન વાલ્વાએ સમગ્ર સન્માન કાર્યક્રમનું સફળ આયોજન કરેલ હતુ.

આ તબકકે રાજકોટ શહેરના ડિસ્ટ્રીકટ જજ જે.આર.શાહ , એડી.ડિસ્ટ્રીકટ જજ ટી.એસ. બ્રહ્મભટ્ટ, સી.જે.પટેલ , આર.એસ. પુરાણી, એસ.એ.ગલા રીયા, આઈ.બી.પઠાણ, વી.એ. રાણા, એ.કે.શાહ તથા ચીફ જયુડી. મેજી. પી.એમ.શાહ તથા તમામ જજ હાજર રહી સતકાર સમારંભના સાક્ષી બનેલ હતા.

# 'ઓપરેશન સિંદૂર'ની થીમ સાથે સૈનિકના રૂપમાં બિરાજમાન ગણપતિ દાદા

## ગજાનંદ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દેશભક્તિ, સ્વચ્છતા અને નશામુક્તિના સામાજિક સંદેશ સાથે કરાયેલું પ્રેરણાદાયી આયોજન





રાજકોટ, તા. ૩

ભારતીય સૈન્ય દળોના શૌર્ય, શક્તિ, ક્ષમતા અને બહાદુરી આપણે સૌએ 'ઓપેરશન સિંદૂર' દરમ્યાન જોયા. આપણા સૈન્ય દળોના સમર્પણ, બલિદાન અને કર્તવ્યનિષ્ઠાની સરાહના કરવા અને ગણેશ પંડાલની મુલાકાતે આવતા ભાવિક ભક્તજનો, બાળકો, વિદ્યાર્થીઓ અને સામાન્ય માણસોને પણ આ અંગે એક સંદેશ આપતા ગણપતિ ઉત્સવ નિમિત્તે વિવિધ પંડાલ 'ઓપરેશન સિંદૂર'ની થીમ પર સજાવવામાં આવ્યા છે.

રાજકોટના મોરબી રોડ પર રેલવે ફાટક પાસે ઓમનગર રોડ પર આર. ડી. સોસાયટીમાં આયોજિત ગણપતિ મહોત્સવમાં વિશાળ પંડાલમાં એક તરફ ભારતીય સૈન્યની તાકાત દર્શાવતી લશ્કરી છાવણી છે. આઈ.એન.એસ. વિક્રાંત જહાજ, તેજસ ફાઈટર પ્લેન, બ્રહ્મોસ મિસાઈલ તેમજ ટેન્ક, એરોપ્લેન, બંકર, સૈન્યના જવાનો બધું જ નાના મોડેલ સ્વરૂપે અહીં દર્શાવાયું છે. વચ્ચે સરહદ અને સામે તરફ પાકિસ્તાનનો સરહદી વિસ્તાર. ઓપરેશન સિંદૂરનો સમગ્ર ઘટનાક્રમ અહીં દર્શાવ્યો છે.

જયારે મધ્યમાં મુખ્ય સ્ટેજ પર લશ્કરી ગણવેશમાં ગણેશજી દાદા બિરાજમાન છે. ગણેશજી સાથે ભારત માતા અને શહીદ ભગતસિંહનું વિશાળ કદનું સ્ટેચ્યુ સમગ્ર વાતાવરણને દેશભક્તિના રંગમાં રંગી રહ્યા છે. અમારી સોસાયટીમાં છેલ્લા ૧૦ વર્ષથી ગણપતિ મહોત્સવની અલગ અલગ થીમ સાથે ઉજવણી કરવામાં આવે છે, પરંતુ આ વર્ષે ઓપરેશન સિંદૂરને કારણે અમે તે થીમ બે મહિના પહેલા જ નક્કી કરી હતી. આ થીમમાં યુદ્ધના બધા મોડેલ અને સજાવટ થર્મોકોલમાંથી તૈયાર કરવામાં બે મહિના જેટલો સમય લાગ્યો છે. જેને તૈયાર કરવામાં 30 થી વધુ બાળકો, યુવાનો જોડાયા હતાં. આ ઉપરાંત ઓપરેશન સિંદૂર પર અમે એક ખાસ વિડિયો ફિલ્મ બનાવી છે, જે વધુ પ્રભાવક રીતે દર્શકોને માહિતગાર કરી રહી છે. આ ફિલ્મ અમે અહીં દર્શન માટે આવતા બાળકો અને તેમના પરિવારજનોને ખાસ દેખાડીએ છીએ તેમ ટ્રસ્ટના પ્રમુખ રણજીતસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

માત્ર એટલું જ નહીં, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અમલી બનાવાયેલી સ્વચ્છતા ઝુંબેશને વધાવી લઈ અમે ૧૮ પગલાં સ્વચ્છતા અભિયાન શરુ કર્યું છે. જેમાં ૧૮ જેટલા યુવાનો ઘરે ઘરે જઈ સ્વચ્છતાના ૧૮ નિયમો પ્લે કાર્ડ સાથે સમજાવશે, તેમ તેમણે જણાવ્યું છે. મહોત્સવ દરમ્યાન અનેક લોકો દર્શનાર્થે આવતા હોઈ નશામુક્તિ માટે અમે એક સ્ટોલ બનાવ્યો છે. જેમાં તમાકુ સંલગ્ન પ્રોડક્ટના સેવનથી થતું નુકશાન અને સામે આરોગ્યપ્રદ ખોરાકના ફાયદા દર્શાવતી ખાદ્ય સામગ્રી રાખેલી છે. જેથી લોકોને નશામુક્તિનો સાચો સંદેશ આપી શકાય. સામાજિક કાર્યમાં અગ્રેસર શ્રી ગજાનંદ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રતિ વર્ષ રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ૯૬ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હોવાનુ પ્રમુખશ્રીએ જણાવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા ગણેશોત્સવની અનોખી ઉજવણી કરનાર આયોજકોને આ વર્ષે ખાસ પ્રોત્સાહક ઈનામ આપવામાં આવનાર છે, ત્યારે રાજકોટમાં ગણેશ મહોત્સવ માત્ર ધાર્મિક જ ન રહેતાં દેશભક્તિ, સામાજિક જાગૃતિ અને સ્વચ્છતાની થીમ પર થયેલા વિશિષ્ટ આયોજનો સાચા અર્થમાં પ્રેરણાદાયી બન્યા છે.

# વાહકરોગ નિયંત્રણ ઝુંબેશમાં ૨૪૮૩ લોકોને નોટિસ

## ૭૦૦૦ થી વધુ ઘરોમાં કરાયું ફોગિંગ : ગંદકી કરતા લોકોને ફટકારાયો ૩૫,૦૦૦નો દંડ

રાજકોટ, તા. ૩

સમગ્ર રાજકોટ શહેરમાં વાહકજન્ય રોગોનું નિવારણ અને તેઓને નિયંત્રણમાં રાખવા માટે આરોગ્ય વિભાગ જે મહાનગરપાલિકા હસ્તક કાર્યરત છે તેના દ્વારા વન-ડે વનવોર્ડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત તમામ વોર્ડમાં વાહક નિયંત્રણની ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. આ કામગીરીમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ તથા ફિલ્ડ વર્કર વિવિધ કામગીરીઓ કરી રહ્યા છે



અને ખાસ ઝુંબેશ પણ ચલાવવામાં આવી રહી છે.

અત્યાર સુધી વોર્ડની જો વાત કરવામાં આવે તો કુલ ૩.૨૯ લાખ ઘરોમાં તપાસ પૂર્ણ કરી દેવામાં આવી છે તેમાંથી ૧૩,૦૦૦ થી વધુ ઘરોમાં પોરા જોવા મળતા તેનો નાશ કરવામાં આવ્યો એટલું જ નહીં ૭,૦૦૦ થી વધુ ઘરોમાં ફોગિંગ પણ કરવામાં આવ્યું હોવાનુ હાલ જાણવા મળી રહ્યું છે. બીજી તરફ વાણિજ્ય એકમો ની જો વાત કરવામાં આવે તો કોઈ ૨૪૮૩ લોકોને નોટિસ પણ ફટકારવામાં આવી છે સામે ૩૫,૦૦૦ નો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. આ તમામ પરિસ્થિતિને ધ્યાને લઈ ૧૬૮૪ લોકોના લોહીના નમુના પણ લેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

પક્ષીકુંજ અને પશુને પીવાની કુંડી નિયમીત સાફ કરીએ. ખુલ્લા રહેતા મોટા પાણી ભરેલ પાત્રોમાં પોરાભક્ષક માછલી મુકીએ. મચ્છરના કરડવાથી બચવા માટે મચ્છરદાની, મોસ્કુયુટો રીપેલન્ટી, મચ્છર અગરબતીનો ઉપયોગ કરીએ તથા તાવ આવે તો તરત જ નજીકના આરોગ્ય કેન્દ્રમાં લોહીની તપાસ કરાવીએ, લોહીનું નિદાન અને સારવાર દરેક આરોગ્યવ કેન્દ્રનમાં વિનામુલ્યે ઉપલબ્ધ છે.

# ઝેર પીધા જાણી જાણી

## ગુજરાતમાં વેચાતા ૯૦ ટકા પનીર નકલી : મીઠાઇ એસો.નો ઘટસ્ફોટ



મનુભાઇ પંચોળી 'દર્શક'ની વિખ્યાત મહાનવલકથા છે, ઝેર તો પીધા છે જાણી જાણી... આ વાક્ય મૂળ ક્રિષ્ન ભક્ત મીરાબાઇના અનુસંધાને લખાયું હતું. મીરાબાઇને ખબર હતી કે, ઝેર છે છતા તેઓ પી ગયા હતા.

મીરાબાઇએ ક્રિષ્ન પર ભરોસો રાખીને ઝેરને અમૃત માનીને પીધું હતું. આપણે સ્વાદ ભક્ત બનીને જાણી જોઇને ઝેરી ઓહિયા કરી રહ્યા છીએ. ગુજરાતનું ફૂડ ઝેરી બની ગયાનું ઘણી વખત લખાયું છે. પણ, એ મોતના ખેલ સામે નિર્ણાયક પગલાં ભરવાની વૃતિ કે વિચારનો સંપૂર્ણ અભાવ છે.

તાજેતરમાં ડાકોર ખાતે ગુજરાત મીઠાઇ અને ફરસાણ એસો.ની બેઠક યોજાઇ હતી. આ કારોબારી બેઠકમાં ગુજરાતભરના મીઠાઇ-ફરસાણ વ્યાપારીઓ ઉપસ્થિત રહ્યા હતા. એસો.ના અધ્યક્ષ કિશોરભાઇ શેફે પ્રવચનમાં ઘટસ્ફોટ કરતા કહ્યું હતું કે, ગુજરાતમાં મળતું ૯૨ ટકા પનીર નકલી છે. ગુજરાતમાં મળતા ઘી-તેલમાં પણ બેફામ ભેળસેળ ચાલી રહી છે.

મીઠાઇ-ફરસાણ એસો. ખૂદ આ બાબતથી પરેશાન છે. ભેળસેળિયા તત્વ સામે કાર્યવાહી સામાન્ય પ્રકારની થાય છે, તેથી ભેળસેળને બ્રેક લાગતી નથી. મીઠાઇ-ફરસાણ એસો. ખૂદ કહે છે કે, ભેળસેળિયા તત્વો સામે માત્ર દંડને બદલે પાસા જેવી આકરી કાર્યવાહી થવી જોઇએ. ભેળસેળિયાને કાયદાનો ડર લાગવો જોઇએ. ભેળસેળ પકડાઇ તો વ્યાપારીને જ નહીં સપ્લાયર અને ઉત્પાદકને પણ આકરી સજા થવી જોઇએ.

ખાદ્ય સામગ્રીમાં ભેળસેળ સામે ખૂદ વ્યાપારી સંગઠન પણ પરેશાન છે. આનો અર્થ એ થયો કે, ભેળસેળિયા તત્વો અને તંત્રને મોજે દરિયા છે. રીયલ વ્યાપાર કરે છે એ વ્યાપારીને ગ્રાહકોની સાથે છેતરપિંડી કરવામાં રસ નથી. ભેળસેળિયા તત્વો માર્કેટની દશા બગાડી નાખે છે. ભેળસેળયુક્ત ખાદ્ય સામગ્રી કિંમતમાં ખૂબ નીચી હોય છે. ગ્રાહકો ભેળસેળ પારખી શકતા નથી. માત્ર ઓછી કિંમતથી ખરીદવા આકર્ષાય છે. આ કારણે રીયલ-શુધ્ધ ફૂડનો વ્યાપાર કરનાર વ્યાપારીને ફટકો પડે છે. માર્કેટમાં અસ્તિત્વ જાળવા માટે ભેળસેળ તરફ વળવા ફરજ પડે છે. આ ખતરનાક સ્થિતિ ગણાય.

જૂજ ભેળસેળિયા તથા તંત્રની મીલીભગતના કારણે સમગ્ર ખાદ્ય માર્કેટ બદનામ થાય છે. લોકોના આરોગ્ય પણ બરબાદ થાય છે. આશ્ચર્ય એ છે કે, આ સ્થિતિ અંગે શાસકો માહિતગાર જ છે. પરંતુ, કોઇ નિર્ણાયક પગલાં લેવાતા નથી. વિચિત્રતા એ ગણાય કે, લોકોના માથા બચાવવા ફરજિયાત હેલમેટના ગતકડાં કરવામાં આવે છે. પણ, ઝેરી ફૂડથી ગુજરાતીઓ ગંભીર રોગોના ભોગ બની રહ્યા છે. આ સ્થિતિ બિહામણી બની છે. છતા, ભેળસેળિયા સામે માત્ર આર્થિક દંડથી પ્રકરણ પૂરું કરવામાં આવે છે. શાસકોને જવાબદારીનું ભાન કરાવવામાં નહિ આવે તો...

" પ્રેમભક્તિના હસ્તાંક્ષરે "




પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# નક્સલવાદ ખતમ નહીં થાય ત્યાં સુધી સરકાર આરામ નહીં કરે : શાહ

## કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે CRPF, છત્તીસગઢ પોલીસ, જિલ્લા રિઝર્વ ગાર્ડ (DRG) અને 'કોબ્રા' ફોર્સના જવાનોને અભિનંદન પાઠવ્યા

નવીદિલ્હી, તા. ૩

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે કહ્યું કે મોદી સરકાર જ્યાં સુધી બધા નક્સલીઓ આત્મસમર્પણ ન કરે, પકડાય નહીં અથવા ખતમ ન થાય ત્યાં સુધી આરામ નહીં કરે. છત્તીસગઢના કરેગુટ્ટા ટેકરી પર 'ઓપરેશન બ્લેક ફોરેસ્ટ' સફળતાપૂર્વક હાથ ધરનાર CRPF, છત્તીસગઢ પોલીસ, જિલ્લા રિઝર્વ ગાર્ડ (DRG) અને 'કોબ્રા' ફોર્સના જવાનોને અભિનંદન આપતા શાહે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર ભારતને નક્સલમુક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું, ''મોદી સરકાર જ્યાં સુધી બધા નક્સલીઓ આત્મસમર્પણ ન કરે, પકડાય નહીં અથવા ખતમ ન થાય ત્યાં સુધી આરામ નહીં કરે.'' શાહે કહ્યું કે 'ઓપરેશન બ્લેક ફોરેસ્ટ' દરમિયાન સૈનિકોએ બતાવેલી બહાદુરી અને બહાદુરીને નક્સલ વિરોધી કામગીરીના ઇતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ તરીકે યાદ રાખવામાં આવશે. તેમણે કહ્યું કે ગરમી, ઊંચાઈ અને દરેક પગલે ઈંઊઉ ના ભય હોવા છતાં, સુરક્ષા દળોએ ઉચ્ચ મનોબળ સાથે ઓપરેશન હાથ ધર્યું અને એક મુખ્ય નક્સલી બેઝ કેમ્પનો સફળતાપૂર્વક નાશ કર્યો. ગૃહમંત્રીએ કહ્યું કે છત્તીસગઢ પોલીસ, CRPF, DRG અને કોબ્રા જવાનો દ્વારા કરગુટ્ટા ટેકરી પરથી નક્સલીઓના સામગ્રી ભંડાર અને સપ્લાય ચેઇનનો બહાદુરીપૂર્વક નાશ કરવામાં આવ્યો.

શાહે કહ્યું કે નક્સલીઓએ દેશના કેટલાક ઓછા વિકસિત વિસ્તારોમાં ભારે નુકસાન પહોંચાડ્યું છે, શાળાઓ, હોસ્પિટલો ખોરવી નાખી છે અને સરકારની કલ્યાણકારી યોજનાઓમાં અવરોધ ઉભો કર્યો છે. તેમણે કહ્યું કે સતત નક્સલ વિરોધી કામગીરીને કારણે, પશુપતિનાથથી તિરુપતિ સુધીના સમગ્ર પ્રદેશમાં ૬.૫ કરોડ લોકોના જીવનમાં 'નવો સૂર્યોદય' થયો છે. શાહે એમ પણ કહ્યું કે મોદી સરકાર નક્સલ વિરોધી કામગીરી દરમિયાન ગંભીર રીતે ઘાયલ થયેલા સુરક્ષા કર્મચારીઓને મદદ કરવા અને તેમના જીવનને સરળ બનાવવા માટે તમામ જરૂરી પગલાં લઈ રહી છે. તેમણે કહ્યું કે સરકાર ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં દેશમાંથી નક્સલવાદને નાબૂદ કરવા માટે પ્રતિબદ્ધ છે. આ પ્રસંગે છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈ અને નાયબ મુખ્યમંત્રી વિજય શર્મા પણ હાજર હતા.

અમિત શાહે કહ્યું કે મોદી સરકાર ત્યાં સુધી આરામ કરશે નહીં જ્યાં સુધી બધા નક્સલવાદીઓ શરણાગતિ સ્વીકારે નહીં, પકડાઈ ન જાય અથવા ખતમ ન થઈ જાય. પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં, અમે ભારતને નક્સલમુક્ત બનાવીશું. છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈ અને નાયબ મુખ્યમંત્રી વિજય શર્મા પણ આ પ્રસંગે હાજર હતા. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ગરમી, ઊંચાઈ અને દરેક પગલે IEDના ભય હોવા છતાં, સુરક્ષા દળોએ ઉચ્ચ ભાવનાઓ સાથે ઓપરેશનને સફળ બનાવ્યું અને નક્સલવાદીઓના બેઝ કેમ્પનો નાશ કર્યો. છત્તીસગઢ પોલીસ, CRPF, DRG અને કોબ્રાના સૈનિકોએ કરેગુટ્ટાલુ ટેકરી પર બનેલા નક્સલવાદીઓના મટિરિયલ ડમ્પ અને સપ્લાય ચેઇનનો બહાદુરીથી નાશ કર્યો.

# ભારત-જર્મનીના સંબંધો વિકાસપથ પર

## જર્મન વિદેશ મંત્રી પહેલી વાર ભારતની મુલાકાતે : બંને દેશ ૨૫ વર્ષની વ્યૂહાત્મક ભાગીદારી, ૫૦ વર્ષનો વૈજ્ઞાનિક સહયોગ, ૬૦ વર્ષનો સાંસ્કૃતિક કરાર અને એક સદીથી વધુ લાંબા વ્યાપારી સંબંધોની ઉજવણી કરી રહ્યા છે

નવીદિલ્હી, તા. ૩

ભારત અને જર્મનીના સંબંધો વધુ મજબૂત બની રહ્યા છે. ગુરુવારે, વિદેશ મંત્રી એસ. જયશંકર અને જર્મન વિદેશ મંત્રી જોહાન ડેવિડ વેડેફુલ દિલ્હીમાં મળ્યા. બંને દેશોએ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા અને વૈશ્વિક મુદ્દાઓ પર સાથે મળીને કામ કરવાની પ્રતિજ્ઞા લીધી. આ મુલાકાત ખાસ છે કારણ કે જર્મન વિદેશ મંત્રી પહેલી વાર ભારતની મુલાકાતે આવ્યા છે અને યુરોપની બહાર તેમની પહેલી મુલાકાત છે. તેમણે બેંગલુરુની મુલાકાત લઈને ભારતની ટેકનોલોજી અને નવીનતા ક્ષમતાઓનો અનુભવ કર્યો અને પોતાની સાથે એક મજબૂત વ્યાપારી પ્રતિનિધિમંડળ અને સંસદસભ્યો પણ લાવ્યા.



બેઠકમાં, બંને નેતાઓએ આગામી આંતર-સરકારી પરામર્શની તૈયારી માટે માળખું ઘડ્યું. ભારતને આશા હતી કે જર્મની યુરોપિયન યુનિયન સાથે મુક્ત વેપાર કરાર (FTA) ની વાટાઘાટોને ઝડપી બનાવવામાં મદદ કરશે. ઉપરાંત, ભારત-પ્રશાંત, યુક્રેન યુદ્ધ અને પશ્ચિમ એશિયા જેવા વૈશ્વિક-પ્રાદેશિક મુદ્દાઓ પર વિચારો શેર કરવામાં આવ્યા. જયશંકરે કહ્યું, ભારત અને જર્મની ૨૫ વર્ષની વ્યૂહાત્મક ભાગીદારી, ૫૦ વર્ષનો વૈજ્ઞાનિક સહયોગ, ૬૦ વર્ષનો સાંસ્કૃતિક કરાર અને એક સદીથી વધુ લાંબા વ્યાપારી સંબંધોની ઉજવણી કરી રહ્યા છે. અમને ખાતરી છે કે આવનારા સમયમાં આ સહયોગ વધુ ગાઢ બનશે. જયશંકરે વાડેફુલને પોતાની વાતચીત શરૂ કરતા કહ્યું, ''યુરોપિયન યુનિયન સાથેના અમારા સંબંધોને વધુ ગાઢ બનાવવા અને મુક્ત વેપાર કરાર (FTA) પર વાટાઘાટોને વેગ આપવા માટે અમે તમારા સહયોગ પર વિશ્વાસ રાખીએ છીએ.

નિષ્ણાતો માને છે કે જર્મન વિદેશ મંત્રીની આ મુલાકાત ભારત-જર્મની સંબંધોને નવી દિશા આપશે અને FTA પર નક્કર પ્રગતિ માટે જમીન તૈયાર કરશે. આગામી મહિનાઓમાં યોજાનારી આંતર-સરકારી પરામર્શ આ ભાગીદારીને વધુ મજબૂત બનાવશે. જર્મન વિદેશ મંત્રી જોહાન વાડેફુલ મંગળવારે સવારે ભારતની બે દિવસની સત્તાવાર મુલાકાતે બેંગલુરુ પહોંચ્યા. વિદેશ મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, આ મુલાકાત ૨ સપ્ટેમ્બરથી ૩ સપ્ટેમ્બર સુધી ચાલશે.

# ભૂટાનના વડાપ્રધાન લેશે અયોધ્યાની મુલાકાત

## રામ જન્મભૂમિ ને આવી શણગારવામાં : કાલે પહોંચશે ભારત

નવીદિલ્હી, તા. ૩

ભૂટાનના પ્રધાનમંત્રી દાસો શેરિંગ ટોબગે ૫ સપ્ટેમ્બરે ભારત આવી રહ્યા છે, તેમની ભારત મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ભારત આવ્યા બાદ તેઓ અયોધ્યાની મુલાકાત લેશે. અયોધ્યામાં ભૂટાનના પ્રધાનમંત્રી રામ જન્મભૂમિમાં પૂજા કરશે. પ્રધાનમંત્રી દાસો શેરિંગ ટોબગે ૫ સપ્ટેમ્બરે સવારે લગભગ ૯:૩૦ વાગ્યે મહર્ષિ વાલ્મીકિ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર પહોંચશે. તેમની પત્ની ઓમ તાશીમ ડોમા પણ તેમની સાથે અયોધ્યા આવશે.



અયોધ્યામાં, સુદાનના પીએમ ભગવાન શ્રી રામલલા, હનુમાનગઢી અને અયોધ્યાના અન્ય મુખ્ય મંદિરોની મુલાકાત લેશે અને પૂજા કરશે. જેના માટે જિલ્લા વહીવટીતંત્રે ખાસ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભૂટાનના પ્રધાનમંત્રીનું રેડ કાર્પેટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવશે. આ પ્રસંગે ઘણા મંત્રીઓ પણ હાજર રહેશે. જિલ્લા મેજિસ્ટ્રેટ નિખિલ ટીકારામે જણાવ્યું હતું કે દિવસ દરમિયાન દાસો શેરિંગ ટોબગે માટે ખાસ ભોજન સમારંભનું આયોજન કરવામાં આવશે. તેઓ બપોરે લગભગ ૧:૩૦ વાગ્યે અયોધ્યાથી રવાના થવાના છે. અયોધ્યામાં મહત્વપૂર્ણ ધાર્મિક સ્થળોની મુલાકાત અને પૂજા કર્યા પછી, તેઓ અયોધ્યા એરપોર્ટથી દિલ્હી જવા રવાના થશે. દિલ્હીમાં, તેઓ વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે મુલાકાત કરશે.

ભૂટાનના વડા પ્રધાન દાસો શેરિંગ ટોબગે ૩ થી ૬ સપ્ટેમ્બર દરમિયાન તેમની પત્ની ઓમ તાશી ડોમા સાથે ભારતની સત્તાવાર મુલાકાતે રહેશે. તેમની ભારત મુલાકાત ૬ સપ્ટેમ્બરના રોજ સમાપ્ત થશે. અયોધ્યામાં તેમના આગમન માટે કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી રહી છે. દાસો શેરિંગ ટોબગે અગાઉ પણ ભારતની મુલાકાત લઈ ચૂક્યા છે. તેઓ ૨૧ અને ૨૨ ફેબ્રુઆરીએ ભારતની સત્તાવાર મુલાકાતે આવ્યા હતા. તે દરમિયાન તેમણે સ્કૂલ ઓફ લીડરશીપના પ્રથમ લીડરશીપ કોન્કલેવમાં ભાગ લીધો હતો. સુદાનના વડા પ્રધાન છેલ્લી વખત ભારત આવ્યા હતા ત્યારે તેઓ વડા પ્રધાન મોદીને મળ્યા હતા. વિદેશ મંત્રાલયના નિવેદન અનુસાર, આવી વારંવાર મુલાકાતો સુદાનના ભારત સાથેના મજબૂત સંબંધો અને સહયોગને પ્રતિબિંબિત કરે છે.

તોબગે ૩ થી ૬ સપ્ટેમ્બર દરમિયાન તેમની પત્ની ઓમ તાશી ડોમા સાથે ભારતની સત્તાવાર મુલાકાતે છે. આ મુલાકાત ગયા, અયોધ્યા અને દિલ્હી જેવા મહત્વપૂર્ણ શહેરોને આવરી લે છે. દિલ્હીમાં તેમના રોકાણ દરમિયાન, તેઓ વિદેશ મંત્રી એસ. જયશંકર અને ભારત સરકારના વરિષ્ઠ અધિકારીઓને મળશે. આ પગલું ભારત અને ભૂટાન વચ્ચે મજબૂત રાજદ્વારી ભાગીદારીનો એક મોટો સંકેત માનવામાં આવી રહ્યો છે.

અયોધ્યામાં રામ જન્મભૂમિ મંદિર માત્ર ધાર્મિક દૃષ્ટિકોણથી જ નહીં પરંતુ સાંસ્કૃતિક અને રાજકીય દૃષ્ટિકોણથી પણ ઐતિહાસિક મહત્વ ધરાવે છે. પ્રધાનમંત્રી શેરિંગ ટોબગેની આ મંદિરની મુલાકાત અને પૂજા એક રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતના આધ્યાત્મિક વારસાને નવી ઓળખ આપશે. આ મુલાકાત એ પણ દર્શાવે છે કે ભૂટાન અને ભારત વચ્ચેના સંબંધો ફક્ત રાજકારણ સુધી મર્યાદિત નથી, પરંતુ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક આધાર પર પણ ઊંડા છે.

## શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## પ્રાસંગિક

### જેની પ્રત્યેક હરકત કલ્યાણકારી અને મંગલકારી છે, એવાં શિવ પાર્વતીનાં પુત્ર ગણેશને વંદન!



ગણેશોત્સવ ચાલી રહ્યો છે અને બે દિવસમાં ગણેશ વિસર્જન પણ થશે! એટલે કે આપણાં પ્યારાં ગણપતિ બાપ્પાને આપણે વિદાય આપવી પડશે. આદિ અનાદિકાળથી શંકર પરિવાર આપણને સૌને પ્રિય છે! અને એમાં પણ ગણેશનું આ સ્વરૂપ સૌને અત્યંત પ્રિય છે! પણ ઘણીવાર વિચાર આવે કે પાર્વતીનાં અંગરક્ષક તરીકે ઉભેલાં ગણેશ અને ભગવાન શંકર વચ્ચે ભવનમાં પ્રવેશવા બાબત દ્વન્દ્વ યુદ્ધ થાય છે, અને ભગવાન શંકર એ દ્વારપાળનું મસ્તક છેદી નાખે છે! પછી તો પાર્વતીને ખબર પડે છે, એ અત્યંત ક્રોધમાં આવીને સૃષ્ટિનાં વિનાશ પર ઉતરી આવે છે, ત્યારે બ્રહ્મા વિષ્ણુ સહિત સર્વ દેવો દુર્ગા માતાની સ્તુતિ કરે છે, શંકર પણ પોતાની ભૂલ સ્વીકારે છે! અને એ બાળક જીવંત થાય તો પોતાનું રૌદ્ર સ્વરૂપ સૌમ્ય થશે, એવું મા ભવાની કહે છે. પણ પ્રશ્ન ત્યાં થાય કે! જેમ હાથીનું મસ્તક રાખ્યું, એમ જે મસ્તક કાપ્યું હતું એ પણ રાખી શક્યા હોત! શંકર તો સર્વ સમર્થ છે! અને મા જગદંબા એ પણ શંકર જ મારા પુત્રને જીવિત કરે! એવો આગ્રહ રાખ્યા વગર, આંધળા ને આંખો દે, પાંગળા ને પગ દે ! ભવસાગરમાં ફસાયેલા જીવ ને જેમ ઉગારે છે, એમ એ પોતાના પુત્રને જીવીત કરી શક્યા હોત!; અથવા શરીર પરથી ફરી મેલ કાઢી નવી ચેતનાને આકાર આપી શક્યા હોત, પણ એવું કર્યું નહીં! અને મુક્યું તો પણ પાછું હાથીનું મસ્તક! સદગુરુ કૃપા કહે છે કે આ બધું કંઈ એમનેમ નથી થયું!; એની પાછળ બહુ સુક્ષ્મ કારણો છે, અને આજે આપણે એને વિશે ચિંતન કરીએ.

શંકર સુવન કે ભવાની નંદન તરીકે ઓળખાતાં ગજમસ્તક ગણપતિ પહેલાં નર મુખા ગણેશ હતાં, એટલે કે જે અંગ રક્ષક કે દ્વારપાળ તરીકે ઉભા હતાં એ નર સ્વરૂપ હતાં,પરંતુ એ આવનાર શંકર રુપી કલ્યાણને એ ઓળખી શક્યાં નહીં! ભગવાન શંકરે લાખ કોશિશ કરી છતાં આજ્ઞાને નામે એક ગુરુર ધારી અહમનું એ સ્વરૂપ હતું એવું ભગવાન શંકરને લાગ્યું! એટલે કે આજ્ઞાને નામે કોઈ વડીલ કે વિદ્વાનની વાતનો પણ ઇન્કાર કરવો એ વિવેકનું પ્રમાણ નથી! જ્યારે શંકર એટલે વિશ્વાસ અને પાર્વતી એટલે શ્રદ્ધા, તો શ્રદ્ધા અને વિશ્વાસનાં સંતાન તરીકે વિવેક હોવો બહુ જરૂરી હતો, પણ એવું નહોતું એટલે શિર છેદ થયો.

હાથીના મસ્તક વાળાં, લંબોદર, એકદંત ગણપતિ, વિનાયક કે જે મૂષક એટલે કે ઉંદર જેનું વાહન છે, એ ગણપતિનું દર્શન જરાં જુદી રીતે કરીએ તો. હાથીનું મસ્તક! રાખી જીવિત કર્યા, હાથી બોલે ઓછું અને એનાં કાન બહુ મોટાં છે! એટલે કે વિવેક બોલે ઓછું, અને સાંભળે વધુ! એ શાંત પ્રાણી છે, અને મોટેભાગે પોતાની મસ્તીમાં ઝૂમતાં હોય છે! એ રીતે ગણેશ રુપી દેવ ને પોતાની મસ્તી છે!: એ અન્ય દેવોની જેમ સારાસારની સ્પર્ધામાં ઉતરતા નથી. મસ્તક મોટું છે! મગજ મસ્તકમાં આવેલું હોવાથી બુદ્ધિનું પ્રમાણ વધુ છે, અને એટલે ભોગ હોય કે યોગ એ પોતાના ભાવ ગુપ્ત રાખી શકે છે. આ ઉપરાંત સૂંઢ છે, અને એનાથી ખાય છે, એટલે ભોગજન્ય પદાર્થથી દૂરી રાખીને આરોગે છે. લંબોદર મોટું પેટ! આપણે ત્યાં સાગર પેટા એવો એક શબ્દ પ્રયોગ થતો! એટલે ભેદભાવ વગર સૌના સુખદુ:ખને સમાવી બેઠાં છે. એકદંત સ્વરૂપની પૌરાણિક કથા આપણે જાણીએ છીએ કે વેદવ્યાસે જ્યારે ગણપતિને મહાભારત લખવાનું કહ્યું! ત્યારે કલમ તૂટી જતાં એમણે પોતાનો એક દાંત ખેંચી કાઢ્યો હતો. નર ગણેશ એ આવું નહોતું કર્યું! જ્યારે હાથીનાં મસ્તક વાળા ગણેશે મહાભારતની આ કથા યુગો યુગો સુધી સચવાયેલી રહે અને સમસ્ત જગત આપસી સંબંધોમાં વેર ભાવ રાખે નહીં એમાં જ કલ્યાણ સમાયેલું છે, આવું વિચારીને પોતાનો એક દાંત કલમ રુપે વાપર્યો.

વિનાયક એટલે આમતો ગણપતિનો પર્યાય છે, કે જે શંકરનાં ગણોનો નાયક છે તે, પણ બીજી રીતે જોઈએ તો વિનાયક એ બે શબ્દની સંધિથી બનેલો શબ્દ છે! વિ+ નાયક, સાવ સીધીસાદો અર્થ કરીએ તો સંસ્કૃત માં ''વિ'' નો અર્થ પ્રધાન કે મુખ્ય એવો થાય! અને નાયકનો અર્થ નેતા થાય, એટલે પ્રધાન નેતા એવો થાય. આ ઉપરાંત જગતના તમામ વિધ્નો પર જેનો કંટ્રોલ છે એવાં વિધ્ન હર્તા તરીકે પણ વિનાયક શબ્દ વાપરી શકાય. પણ વિજ્ઞાનમાં ''વિ'' ના અર્થની રીતે જોઈએ તો, વિશિષ્ટ જ્ઞાન એવો થાય ! જ્યારે વિદ્વાન માં ''વિ'' નો અર્થ વિદ્યાવાન અથવા સમસ્ત વિદ્યાનાં નાયક એટલે વિનાયક એવો પણ થઈ શકે. હવે પરિવારર જોઈએ તો રિદ્ધિ અને સિદ્ધિ બે પત્ની, ગણેશને પ્રસન્ન કરવાં સિદ્ધ થયેલી રિદ્ધિ એટલે કે ઐશ્વર્ય જોઈએ. ગણેશ મૃદંગ વાદક હતાં અને એ રીતે કલાનાં સ્વામી હતાં. ગણેશનાં બે પુત્રો શુભ અને લાભ, એ રીતે જોઈએ તો કલા અને વિદ્યાનો સુક્ષ્મ તફાવત જોઈએ તો, કલા એ ક્યારેક આજીવિકા કે મનોરંજનનું માધ્યમ બની શકે! જ્યારે વિદ્યાનું સ્વરૂપ બહુ શુદ્ધ છે, અને કદાચ એ દાન દક્ષિણા ગ્રહણ કરે તોય એમાં લાભને કોઈ સ્થાન નથી એમાં સમસ્ત જગતનું કલ્યાણ સમાયેલું હોય એ જ વિદ્યા કહેવાય. આ ઉપરાંત મૂષક એટલે કે ઉંદરનું વાહન ! આટલું ભારી ભરખમ શરીર ઉંદર પર કંઈ રીતે? વિચારતાં પણ અજીબ લાગે! પરંતુ અહંકાર શૂન્ય દશા ભાર હિન હોય છે અને પછી એ ગમે તેટલા નાના વાહન પર પણ સવારી કરી શકે! બીજી રીતે જોઈએ તો ઉંદર અતિ ચંચળ છે અને ચંચળતા ના સ્વામી તરીકે વિવેક હોય એ શુભકર્તા છે, માટે ઉંદર પર સવારી કરી.

ટૂંકમાં ગણેશ એટલે વિવેક એ સૂત્ર મુજબ આજે વિવેકને જરાં જુદી રીતે જોયું!; અને હજી આપણે વ્યવહારમાં કામ લાગે એવી સાવ સીધીસાદી વિવેકની વ્યાખ્યા કરવી હોય તો સાચું, સારું, સાદું એમ ત્રિપરિમાણીય સત્ય જાણ્યાં પછીનો પોતાનો અન્ય સાથેનો નમ્ર વ્યવહાર! એટલે વિવેક એવો અર્થ કાઢી શકાય. આ ઉપરાંત જાહેરમાં અને અંગત જીવનમાં જે સંતુલન રાખી જીવી શકે, તે વિવેકશીલ છે. વિવેકનું સૌથી મોટું પ્રમાણ વાણી જ છે, તો સંસારી સંબંધોમાં અન્ય સાથેનાં વ્યવહારમાં જે સ્નેહ અને શીતલતા અને સંયમ રાખી શકે એજ સાચો વિવિકી કહેવાય. જોકે વ્યાખ્યા તો આપણે ગમે તેની કરી શકીએ પણ માનવી સંજોગોને કારણે ભલભલું જ્ઞાન સમયે વિસરી જાય છે! એટલે સંયોગ હોય કે સંજોગ એમાં સ્થિતપ્રજ્ઞ બની જીવી શકે એ વિવેક. ગણેશોત્સવ પૂરો થશે પણ આપણે ગણેશનું સૌથી વધુ રુચિકર અને અર્થ પ્રધાન સ્વરૂપ એટલે કે ! જેની પ્રત્યેક હરકત જગત માટે કલ્યાણકારી અને મંગલકારી છે, એવાં શંકર અને પાર્વતીનાં પુત્ર ભગવાન ગણેશનું હું મારી ભીતર વિવેક સ્વરૂપે સ્થાપન કરી, પછી સ્થૂળ સ્વરૂપને વિસર્જિત કરીશ! એવો સંકલ્પ કરીને આ તહેવારનું સમાપન કરીશું.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



# કેદારનાથ દર્શન ગયેલા રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ૪૫ થી વધુ યાત્રિકો સુરક્ષિત

## રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર શ્રદ્ધાળુઓના સતત સંપર્કમાં હાલ સુરક્ષિત સ્થળે પહોંચ્યા

રાજકોટ, તા. ૩

હાલ ઉત્તરાખંડ, હિમાચલ અને પંજાબમાં પૂર પ્રકોપ જોવા મળી રહ્યો છે. ત્યારે માલ ઢોર સહિત યાતાયાતને ભારે નુકસાનીનો સામનો કરવો પડ્યો છે વાત અહીં અટકતી નથી વાહન વ્યવહારની પણ તમામ વ્યવસ્થા ખોળવાઈ ગઈ છે ત્યારે સમગ્ર દેશભરમાંથી કેદારનાથ સહિતના ધાર્મિક સ્થળોએ દર્શનાર્થે આવેલા યાત્રાળુઓની પરિસ્થિતિ અત્યંત ખરાબ છે અને હાલ તેઓ રાજકોટ કે પછી મોરબી પોતાના વતન આવી શકતા નથી પરંતુ હાલ તેઓ રાજકોટ વહીવટી વિભાગના સતત સંપર્કમાં છે અને વિભાગ દ્વારા પણ તેઓને કોઈપણ પ્રકારની હેરાનગતિનો સામનો ન કરવો પડે તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

મળતી માહિતી મુજબ કેદારનાથ ખાતે દર્શને ગયેલા રાજકોટ મોરબી તથા જામનગર સહિત સૌરાષ્ટ્રના આશરે ૪૫ થી વધુ ભાવિક ભક્તો ભારે વરસાદ અને ભૂસ્ખલન ના કારણે અધવચ્ચે જ અટવાયા હોવાનું માલુમ પડ્યું છે હાલ ધીમે ધીમે રસ્તો ખુલતા યાત્રાળુઓ બહાર નીકળી રહ્યા છે. યાત્રાળુઓને કોઈપણ પ્રકારની તકલીફનો સામનો ન કરવો પડે તે માટે સતત જિલ્લા વહીવટી વિભાગ તેમની સાથે સંપર્કમાં છે. મળતી માહિતી મુજબ મંગળવારના રાત્રે કેદારનાથમાં ભારે વરસાદ પડ્યો હતો જેના કારણે રસ્તાઓ પર ભેખડો ધસી પડી હતી પરિણામ સ્વરૂપે કેદારનાથ દર્શનાર્થે ગયેલા ૪૫ થી વધુ યાત્રાળુઓને ત્યાં જ રોકાઈ જવું પડ્યું હતું અને તેઓ પરત ફરી શક્યા ન હતા તમામ માર્ગ વ્યવસ્થા ખોળવાઈ જતા તેઓ મુશ્કેલીમાં મુકાયા. આ અંગેની જાણ જિલ્લા વહીવટી તંત્રને થતા જ યોગ્ય રસ્તો કાઢવામાં આવ્યો હતો અને તેઓને વતન પરત ફરવા માટેના તમામ પગલાંઓ લેવામાં આવ્યા હતા અને હાલ સ્ટેટ કંટ્રોલરૂમ તેમજ સ્થાનિક કલેકટર અને ઉત્તરાખંડ મુખ્યમંત્રી કાર્યાલય સતત સંપર્કમાં જોવા મળી રહ્યું છે અને તેઓને સુરક્ષિત રીતે બહાર કાઢી વતન પહોંચાડવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે. રાજકોટ ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ દ્વારા જણાવ્યુ હતુ કે , તમામ યાત્રાળુઓ ગૌરીકુંડથી સોનપ્રયાગ જવા માટે રવાના થયા હતા અને હાલ તેઓ સુરક્ષિત સ્થળે પહોંચી ગયા છે.

# જળાશયો, નદી, તળાવમાં ન્હાવા કે સેલ્ફી પર પ્રતિબંધ

## રાજકોટ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા કરાયો આદેશો

રાજકોટ, તા. ૩

રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ જળાશયો, સિંચાઈ યોજના, નદી, તળાવ, પુલ કે નીચાણવાળા મળીને ૯૫ જેટલા વિસ્તારોમાં પ્રવેશ કરીને ન્હાવા પર તેમજ તટ કે પાળી પર પહોંચીને જોખમી રીતે સેલ્ફી લેવા, કેમેરા કે મોબાઈલથી શૂટિંગ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ચોમાસામાં પાણીમાં ડૂબી જવાની બનતી ઘટનાઓ નિવારવાના હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એ.કે. ગૌતમ દ્વારા જાર કરાયેલા આદેશોમાં જણાવાયું છે કે, આજી નદી, આજી ડેમ, ઊંડ ડેમ તથા નદી, ડોંડી નદી, સારણ નદી, આજી-૩ સરોવર, ન્યારી ડેમ-૨, ઘેલ નદી, ખોડીયાર માતાના મંદિરની ધાર પાસે ઢોલરાના રસ્તાની બાજુમાં, રાદડીયા ડેમ અને ઠીબકીયું તળાવ, ન્યારી-૧ ડેમ, વાસ વાડી નદી, હીરાબા સરોવર વાગુદડ રોડ, ન્યારી નદી-કાંગશીયાળી ગામ પાસે, મવડી પાળ રોડનો પુલ અને જખરાપીર મંદિરનો પુલ પાસે શૂટિંગ ન કરવા માટેનો આદેશ કરવામાં આવ્યો છે.

ભાદર-૧ સિંચાઈ યોજના, સુરવો સિંચાઈ યોજના, છાપરવાડી-૨ સિંચાઈ યોજના, વડીયા ડેમ, સાંકરોળી, ઉબેણ, ભાદર નદી, નારપાટ ચેકડેમ, ભાદર ડેમ કેનાલ, નવાગઢ સરધારપુર તળાવ, નાની સિંચાઈ યોજના, ભાદર-૧, છાપરવાડી-૧, મોતીસર સિંચાઈ યોજના, ખારાનો ડેમ, ફોફળ નદી, વાસાવડી નદી, કોલપરી નદી, ગોંડલી નદી, કરમાળ ડેમ, છાપરવાડી-૨, છાપરવાડી નદી ઉપર આવેલી બેઠી ધાબી, સુલતાનપુરી નદી, વેરી તળાવ, આશાપુરા ડેમ, વાછપરી સિંચાઈ યોજના ડેમ, ગોંડલી સિંચાઈ યોજના, કરમાળ સિંચાઈ યોજના ડેમ, મોતીસર સિંચાઈ યોજના ડેમ, અરડોઈ નદી, દેતળીયા નદી, ધોરાજી શહેરમાં આવેલા તળાવ તથા કોઝ વે, ભાદર-૨ ડેમ તથા નદી કાંઠા વિસ્તારના ઉમરકોટ, વેગડી, છાડવાવદર, ભોળા, ભુખી, ભલગામડા, સુપેડી વગેરે ગામો, ભાદર-૧ સિંચાઈ યોજના કેનાલ અને ફુલઝર નદી, પાટણવાવ ગામે ઓસમ ડુંગર, ગણોદ ચેકડેમ અને કોઝ વે, ઉપલેટાનો ચેકડેમ, ખાખીજાળીયા ચેકડેમ, સેવંત્રા ચેકડેમ, નાગવદર ચેકડેમ, મોજ સિંચાઈ યોજના, વેણુ-૨ સિંચાઈ યોજના, કમઢ તળાવ, ખીરસરા,અરણી, કોલકી, પડવલા, જામટીંબડી, વડાળી, પાનેલી, વડેખણ, વાવડી નેસ, ફોફળ-૧, જામદાદર જેવી સિંચાઈ યોજના, ભાદર નદી પટનો વિસ્તાર, ફોફળ વેસ્ટ વિયર, સોડવદર ડેમ, રામપર તરકાસર વચ્ચે નદી, આઘીયા સિંચાઈ યોજના, આલણસાગર ડેમ, આંબરડી, ગોખલાણા અને કનેસરા સિંચાઈ યોજના, રાજાવડલા જસ સિંચાઈ યોજના, શિવસાગર ડેમ, વિરનગર સિંચાઈ યોજના, કર્ણુકી ડેમ, ઈશ્વરીયા ડેમ, દેવધરી, હાથસણી, કોટડા, પાનેલિયા, પાટીયાળી, રેવાણીયા, સરતાનપર, વનાળા, ઓરી, નાનામાત્રા અને ગોરૈયા સિંચાઈ યોજના વગેરે જગ્યાએ સ્નાન, સેલ્ફી કે ફોટો-વીડિયો શૂટિંગ કરી શકાશે નહીં. હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર ઠરશે.

### સાયબર ફ્રોડની બની રહેલી નીતનવી ઘટનાઓ વચ્ચે આ વખતે ગઠીયાનો દાવ ઉંધો પડ્યો-શિકારી ખુદ શિકાર

# બેડી યાર્ડના વેપારીની સજાગતાંથી ગઠીયાના નાણા થયા બ્લોક

## વેપારીના ખાતામાં ગઠીયાએ બે કટકે ૫૮ હજાર નાંખ્યાઃ પછી આ રકમ સાથે વેપારીની રકમ પણ ઉપાડી લેવા પ્રોસીઝર કરીઃ પણ વેપારીના ખાતામાં બે હજાર જ હતાંઃ ૬૦ હજાર ઉપડ્યાનો મેસેજ બેંક તરફથી આવતાં વેપારીએ તુરત બેંક અધિકારીને મળી ફ્રોડ થયાનું કહેતાં તમામ રકમ બ્લોક થઇ

રાજકોટ, તા. ૩

સાયબર ક્રાઇમના સતત બની રહેલા બનાવો વચ્ચે એક કિસ્સામાં 'શિકારી ખૂદ શિકાર બન ગયા' જેવું થયું છે. જેમાં બેડી યાર્ડના વેપારીની સજાગતાને કારણે સાયબરગઠીયાના ૫૮ હજાર રૂપિયા બ્લોક થઇ ગયા હતાં! જો કે પોતાની રકમ ફસાઇ જતાં આ ગઠીયાએ વેપારીને બેફામ ગાળો દઇ ધમકીઓ આપવાનું ચાલુ કરતાં આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.



પોતાના નાણા ફસાતાં ગઠીયાએ વેપારીને ગાળો દઇ ધમકીઓ આપી : સાયબર ક્રાઇમ અને પ્ર.નગર પોલીસમાં ફરિયાદ

વિગતો પર નજર કરીએ તો મોરબી રોડ બેડી યાર્ડમાં પેઢી ધરાવતાં અને રેફ્યુજી કોલોનીમાં રહેતાં વેપારીના બેંક એકાઉન્ટમાં બે વખત મળી ૫૮ હજાર જેવી રકમ જમા થઇ હતી. આ વખતે વેપારીએ પોતાના ખાતાની રકમનું થોડા સમય પહેલા જ ટ્રાન્જેક્શન કરી નાખ્યું હોઇ બે-અઢી હજાર જ તેમના ખાતામાં હતા. થોડીવાર બાદ બેંકમાંથી મેસેજ આવ્યો હતો કે તેના ખાતામાંથી ૬૦ હજાર ઉપડ્યા છે. આથી ખબર પડી હતી કે ૫૮ હજાર જમા કરાવનારે જ ફ્રોડ કરી બાકીના બે હજાર જે વેપારીના હતાં તે પણ ઉપાડી લીધા છે. ફ્રોડ થયાની ખબર પડતાં બેંકમાં જાણ કરતાં બેંક દ્વારા આ ગઠીયાની રકમ ૫૮ હજાર કે જે તેણે જમા કરાવી હતી તે બ્લોક થઇ ગઇ હતી. આથી તેણે વેપારીને સતત ગાળો, ધમકી આપવાનું ચાલુ કરી દેતાં ફરિયાદ થઇ છે. આ અંગે રેફ્યુજી કોલોની પાસે શ્રધ્ધા શક્તિ સોસાયટી રેફ્યુજી કોલોની પાસે રહેતાં અડતાલીસ વર્ષના ગોપીચંદ તોતલમલ મંગલાણીએ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં લેખીત ફરિયાદ કરી છે.

ગોપીચંદ મંગલાણીએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું મોરબી રોડ પર બેડી યાર્ડમાં વેપાર કરુ છું. મંગળવારે તા. ૨/૯ના રોજ બપોરે પોણા ત્રણેક વાગ્યે હું ઘરે હતો ત્યારે મારા ફોનમાં મેસેજ આવ્યો હતો. આ મેસેજમાં કોઇ અજાણ્યાએ મારા બેંક એકાઉન્ટમાં રૂા. ૪૯૯૯૯ જમા કરાવ્યા હોવાની વિગત હતી. ત્યારબાદ બીજો મેસેજ સવા ત્રણ આસપાસ આવ્યો હતો, જેમાં ફરી મારા એકાઉન્ટમાં રૂા. ૮૦૦૦ જમા થયાની વિગત હતી. આ પછી ત્રીજો મેસેજ બેંક તરફથી આવ્યો હતો અને તેમાં બેંક એકાઉન્ટમાંથી ૬૦ હજાર ઉપડી ગયાનો મેસેજ હતો. આથી મારી સાથે ફ્રોડ થયાની ખબર પડી હતી અને બેંક અધિકારીનો સંપર્ક કરતાં અલગ અલગ રકમો બ્લોક કરી નખાઇ હતી. ત્યારબાદ સાંજે છએક વાગ્યે એક ફોન આવ્યો હતો અને મને મરાઠી, હિન્દી ભષામાં વાત કરી ગાળો દઇ ધમકી આપી હતી કે જે પૈસા બ્લોક કરાવ્યા છે તે મને આપી દે.

આ પછી સતત અલગ અલગ નંબર પરથી મને ધમકી આપવાનું ચાલુ કરાયું હોઇ અંતે મેં ૧૯૩૦માં ફરિયાદ કરી હતી. ત્યારબાદ સાંજે પોણા આઠ આસપાસ સાયબર યુનિટે મને મેસેજ કરી નજીકના પોલીસ સ્ટેશનમાં લેખીત ફરિયાદ આપવા જણાવ્યુ હતું. જેથી મેં રાજકોટ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં જઇ ફ્રોડની વિગતો જણાવી હતી. જો કે મને સામેવાળા તરફથી સતત ધમકી, ગાળો અપાતી હોઇ આ બાબતે પ્ર.નગરમાં ફરિયાદ નોંધાવવા જણાવાયું હતું. આમ ૫૮ હજાર વેપારીના ખાતામાં કોઇપણ રીતે જમા કરાવી પછી પોતાની આ રકમની સાથે સાથે વેપારીના ખાતામાં જે રકમ હોય તે પણ ઉપાડી લેવાનો ગઠીયાનો પ્રયાસ ઉંધો પડી ગયો હતો અને શિકારી ખૂદ શિકાર હો ગયાની જેમ પોતાના અઠાવન હજાર હાલ બ્લોક થઇ જતાં ગઠીયો પોતે ગુંચવાઇ ગયો છે. આ મામલે સાયબર ક્રાઇમ પોલીસ અને પ્રદ્યુમનનગર પોલીસે તપાસ હાથ ધરી છે.

### રાજ્ય સરકારનો આદેશ : ૧૭ સપ્ટેમ્બર સુધી શહેર અને જિલ્લામાં હાથ ધરાશે ઝુંબેશ

# નંબર પ્લેટ વગરની તથા કાળા કાચની ગાડીઓ પર પોલીસ બોલાવશે તવાઈ

રાજકોટ, તા. ૩

સમગ્ર ગુજરાત રાજ્યમાં ગઈકાલથી નંબર પ્લેટ વગરની અને કાળા કાચ વાળી ગાડીઓ સામે કાનૂની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે આ ખાસ ડ્રાઈવ આગામી ૧૭ સપ્ટેમ્બર સુધી યોજવામાં આવશે. શહેર પોલીસ કમિશનર, જિલ્લા પોલીસ વડાની કચેરી દ્વારા ''નંબર પ્લેટ વિનાની અને કાળા કાચવાળી ગાડીઓ સામે કાનુની કાર્યવાહી કરવા'' શહેર/જીલ્લાઓ ખાતે સમયાંતરે ખાસ ટ્રાફિક ડ્રાઇવનું આયોજન કરવા જણાવવામાં આવ્યું છે, તેમ છતાં રાજય ખાતે છ્ઝઘ કચેરી તરફથી નક્કી કરેલ માત્રા કરતા વધુ પ્રમાણમાં પ્રાઈવેટ ગાડીઓમાં કાળા કાચ લગાવીને જાહેર માર્ગ ઉપર



વાહન ચલાવવામાં આવે છે.

તેમજ એમ. વી એક્ટની જોગવાઈ મુજબ ખરીદ કરેલ નવા વાહન તથા જુના વાહનો છ્ઝઘ રજીસ્ટેશન નંબર પ્લેટ ફરજીયાત લગાવ્યા બાદ રોક ઉપર વાહન ચલાવવાની જોગવાઈ કરવામાં આવેલ છે તેમ છતાં ઘણા વાહન ચાલક શો-રૂમમાંથી ઓન રોડ વાહન ચલાવવામાં આવે છે તેમજ ઘણા વાહન ચાલકો પોતાના વાહનમાંથી નંબર પ્લેટ કાઢી નાખીને વાહનનો ઉપયોગ કરતા હોય છે. જેથી, આવા વાહનો દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવે છે તેમજ આવા વાહનોમાં ગુનાહિત પ્રવૃત્તીઓ પણ થતી હોવાનું ધ્યાને આવેલ છે.

જેથી ઉપરોકત બન્ને પ્રકારના ઉલંઘન બદલ વાહન ચાલકો સામે કાયદેસર કાર્યવાહી કરવા સારૂ ખાસ ઝુંબેશ શહેર/જીલ્લા ખાતે ''નંબર પ્લેટ વિનાની અને કાળા કાચવાળી ગાડીઓ સામે ૧૭/૦૯/૨૦૨૫ સુધી ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું છે જે ડ્રાઇવ દરમ્યાન રોજે-રોજ કરેલ કામગીરીની વિગતો નિયત પત્રકમાં તૈયાર કરી ઈમેલ મારફતે રાજ્ય સરકારને મોકલવાની રહેશે.

### જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતી જળવાઈ રહે માટે કમિશનર દ્વારા કરાયો આદેશ

# વાહનોની લે-વેચ કરતા વેપારીઓને રજીસ્ટર નિભાવવા આદેશ

રાજકોટ, તા. ૩

શહેરમાં જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતી અને દેશની સુરક્ષા માટે વાહન વેચનારાનાઓ માટે રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશ કુમાર ઝાએ નીચે મુજબના આદેશો જારી કર્યા છે. જે અન્વયે રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં વાહન વેચનાર દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે-જ્યારે જુના વાહન વેચવામાં આવે ત્યારે વાહન ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે ખરીદીનું બીલ, વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ચૂંટણી કાર્ડ, રેશનકાર્ડ, આધારકાર્ડ કે નોકરી કરતાં હોય તો ત્યાંનુ ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવાં કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્ય, સાંસદસભ્ય, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારી તરફથી મેળવેલ ઓળખપત્ર, પ્રમાણપત્ર પૈકી કોઇ પણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી વાહન વેચાણ કરનારે મેળવી તેનો રેકર્ડ નિભાવવાનો રહેશે. તદુપરાંત વેચાણ બીલમાં ખરીદનારનું પુરૂ નામ-સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર, વાહનનો પ્રકાર, વાહનનો એન્જીન નંબર, (ફ્રેમ ચેસીસ નંબર લખવો આવશ્યક છે) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર, ફોર વ્હીલર તથા ભારે વાહનોના વેચાણ અંગેના રેકર્ડ ચકાસણી માટે વેચાણકર્તા પાસે કોઈપણ પોલીસ અધિકારી/પોલીસ કર્મચારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે જરૂરી વિગતો મુજબની માહિતી/ રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાના રહેશે.

# મજાક મજાકમાં ટાબરીયાએ બીજા ટાબરીયાના ગુદ્દામાં હવા ભરી દીધી!

## થાનની કંપનીમાં બનાવઃ બાળકની હાલત ખરાબ થતાં રાજકોટ હોસ્પિટલમાં સારવાર હેઠળ

રાજકોટ, તા. ૩

ટાબરીયા બાળકો ઘણીવાર છોકરમતમાં ન કરવાનું કરી નાખતા હોય છે. જેમાં ક્યારેક પોતે ધધે લાગી જતાં હોય છે તો ક્યારેક બીજા માટે મુશીબત રૂપ બની જતાં હોય છે. એક ચોંકાવનારી ઘટનામાં એક કંપનીમાં રમતાં રમતાં છ સાત વર્ષના બાળકે પોતાની જ ઉમર જેવડા અન્ય બાળક સાથે મજાક મજાકમાં તેના ગુદ્દામાર્ગમાં એર કમ્પ્રેશરની નળીથી હવા ભરી દેતાં આ બાળકની હાલત બગડી જતાં તેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ ઘટના ચોટીલાના થાનમાં બની છે.

વિગતો પર નજર કરીએ તો જેમાં થાનની એક કંપનીમાં કામ કરતાં પરપ્રાંતિય મજૂર દંપતિના ૬



વર્ષના દિકરાની સાથે રમી રહેલા અન્ય પરપ્રાંતિય મજૂરના છ-સાત વર્ષના દિકરાએ એર કમ્પ્રેશરની નળીથી બેઠકના ભાગે હવા ભરી દેતાં છ વર્ષના બાળકની હાલત ખરાબ થઇ જતાં થાન સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. કંપનીમાં કામ કરતાં મુળ ઓરીસ્સાના મજૂરનો છ વર્ષનો દિકરો ગઇકાલે કંપની એરીયામાં અન્ય એક પરપ્રાંતિય એમપીના મજૂરના છ-સાત વર્ષના દિકરા સાથે રમતો હતો. રમત રમતમાં આ ટાબરીયાએ છ વર્ષના ટાબરીયાની બેઠકના ભાગે એર કમ્પ્રેશરની નળી મુકી હવા ભરી દીધી હતી.

આ કૃત્યને કારણે આ છ વર્ષના બાળકની હાલત બગડી ગઇ હતી. તેને ચક્કર આવવા માંડતા અને પડી જતાં સારવાર માટે થાન હોસ્પિટલમાં ખસેડાયો હતો. આંતરીક ઇજા થઇ હોઇ વધુ સારવાર માટે રાજકોટ લઇ જવાનું કહેવાતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો છે. બનાવ અંગે તબિબે પોલીસ કેસ જાહેર કરતાં સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ, પ્રકાશભાઇ સહિતે જાણ કરતાં થાન પોલીસે નિવેદન નોંધવા સહિતની કાર્યવાહી કરી હતી.

### વિશ્વાસઘાતની અનેકાનેક ઘટનાઓ વચ્ચે વધુ એક વખત મિત્ર સાથે મિત્ર ખેલ કરી ગયો

# દસ દિ'નું કહીને કાર લઇ ગયો, છ મહિનેય પાછી ન દીધી!

## સાધુ વાસવાણી રોડના મંથન સોનાગરા સાથે દોસ્તાર અંકિત ગોસાઈની દગાખોરીઃ લગ્નપ્રસંગમાં જવાનું કહીને પાંચ લાખની ગાડી લઈ ગયો હતોઃ જયારે ફોન કરે ત્યારે બસ હમણા આપી જાઉ કહી ફોન કાપી નાખતોઃ યુનિવર્સિટી પોલીસમાં એફઆઈઆર નોંધાવાઈ

રાજકોટ, તા. ૩

દોસ્તાર, મિત્ર, ભેરૂબંધ આ બધા એવા શબ્દો છે જે સાંભળતા જ તેમાં એક અલગ જ પ્રકારની લાગણી, વિશ્વાસ, ભરોસાથી ભરપુર ભાઇબંધી નજરે પડે છે. પરંતુ અમુક એવા પણ દગાખોર દોસ્તાર હોય છે જે પોતાના જ ભેરૂ સાથે ખોટુ કરતાં હોય છે. સતત વધી ગયેલી વિશ્વાસઘાતની ઘટનાઓ વચ્ચે રાજકોટમાં વધુ એક બનાવ સામે આવ્યો છે. જેમાં શહેરના સાધુ વાસવાણી રોડ પર રહેતાં યુવાન સાથે તેના જ એક મિત્રએ દગાખોરી કરી છે. લગ્નમાં જવું તે માટે દસેક દિવસ તારી કારની જરૂર છે તેમ કહીને આ શખ્સ મિત્રની લાખેણી કાર લઇ ગયો હતો, પરંતુ આજે છ છ મહિના થવા છતાં કાર પાછી ન આપતાં દગાખોર દોસ્ત સામે એફઆઇઆર દાખલ કરાવવામાં આવી છે.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ કિસ્સામાં યુનિવર્સિટી પોલીસે સાધુ વાસવાણી રોડ અજંતા પાર્ક બ્લોક નં. ૨૭માં રહેતાં પાંત્રીસ વર્ષના યુવાન મંથનભાઇ મનોહરભાઇ સોનાગરાની ફરિયાદ પરથી રૈયા રોડ દ્વારકેશ સોસાયટી-૫માં બંટી મકાન ખાતે રહેતાં અંકિત ચંદ્રગીરી ગોસાઇ વિરૂધ્ધ છેતરપીંડી વિશ્વાસઘાત સબબ એફઆઇઆર દાખલ કરવામાં આવી છે. છેતરાઇ ગયેલા મંથનભાઇએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને મોરબી રહેતાં મારા મામાના દિકરા નિરવ દિલીપભાઇ પરમાર ટૂર્સ ટ્રાવેલ્સનું કામ કરતાં હોઇ તેની સાથે હું કારની લેવડ-દેવડનો વ્યવહાર કરુ છું. વર્ષ ૨૦૨૩માં મેં નિરવ પરમાર પાસેથી ટાટા નેક્સોન કાર ૬ લાખમાં ખરીદ કરી હતી. ત્યારે ટીટીઓ ફોર્મમાં સહી કરી



હતી પરંતુ અમે સગામાં થતાં હોઇ ગાડી જે તે વખતે મારા નામે કરી નહોતી.

ત્યારબાદ ૨૦૨૪-ફબ્રુઆરીમાં મારે પૈસાની જરૂર હોઇ મેં આ કાર જીજે૩૬એફ-૪૫૧૨ મારા મિત્ર દિપક અરવિંદભાઇ ભુપતા પાસે ગીરવે મુકી ૧ લાખ લીધા હતાં. તે સમયે મારા એક મિત્ર અંકિત ગોસાઇ કે જેને હું દોઢ વર્ષથી ઓળખુ છું તેને ગાડી ચલાવવા જોઇતી હોઇ તેણે કહેલુ કે તારી ગાડી ગીરવે મુકી છે તે હું દિપક ભુપતાને ૧ લાખ આપી છોડાવી લઉ છું, જે હું ચલાવીશ તેમ કહેતાં મેં હા પાડી હતી. આ પછી અંકિતે ૨૧/૫/૨૪ના રોજ આ મારી ગાડી દિપક પાસેથી છોડાવી લીધી હતી અને પોતે ફેરવતો હતો.

બાદમાં મેં જરૂરીયાત મુજબ અંકિત પાસેથી કટકે કટકે ૩૦ હજાર લીધા હતાં. આમ મારે અંકિતને ગાડી છોડાવી તેના ૧ લાખ અને બીજા ૩૦ હજાર ચુકવવાના હતાં. આ રકમ મેં તેને કટકે કટકે પાછી આપી દીધી હતી. આથી ચારેક દિવસ બાદ અંકિતે મને ગાડી પાછી આપી દીધી હતી. પરંતુ તેના ત્રણ દિવસ પછી અંકિતની પત્નિ શિલ્પાનો મને ફોન આવ્યો હતો કે મારે અને અંકિતને લગ્નપ્રસંગમાં વાસંદા-નવસારી જવું છે તો તમારી ગાડીની દસ પંદર દિવસ માટે જરૂર છે. જેથી મેં મિત્રતાના દાવે અંકિતને તા. ૧૧/૩/૨૫ના રોજ મારી કાર ઈન્દિરા સર્કલ મીચીસ રેસ્ટોરન્ટ પાસે આવી હતી. જો કે એ પછી તેણે મને આજ સુધી મારી પાંચ લાખની કાર પાછી આપી નથી. હું જ્યારે પણ ફોન કરુ ત્યારે તે બહાના બતાવી દે છે અને બે ત્રણ દિવસમાં જ આપી જઈશ એવુ કહે છે.

પરંતુ તે કાર આપતો ન હોઇ મારી સાથે વિશ્વાસઘાત કર્યો હોઇ પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં મંથનભાઇએ કહેતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ બી. એસ. ચૌહાણે ગુનો દાખલ કરી આરોપીને શોધી કાઢવા તપાસ શરૂ કરી છે. શહેરમાં અગાઉ પણ આ પ્રકારના કાર ફ્રોડના કિસ્સા બની ચુક્યા છે. જેમાં એક બનાવમાં તો ટૂર ટ્રાવેલ્સ સંચાલકની કાર ભાડેથી લઇ જઇ પછી પાછી આપી નહોતી. તપાસ કરતાં આ કાર બારોબાર ગુજરાતના અન્ય શહેરમાં ગીરવે મુકી રોકડી કરી લેવામાં આવ્યાની વિગતો ખુલી હતી. જો કે આ કિસ્સામાં ભાડેથી નહિ પણ મિત્રતાના નામે ઉછીની કાર લઇ જઇ પાછી આપવામાં આવી નહોતી.

### છેતરીને જ જેને માલદાર બનવું છે તે કોઇને પણ કોઈપણ સમયે મારી દે ધૂંબા

# કંપની સંચાલક સાથે બીજી કંપનીઓનું બે કરોડનું ફ્રોડ

## અન્ય બનાવમાં બેંકના ગ્રાહક સેવા કેન્દ્રનો સંચાલક રોકાણકારોનો અડધો કરોડ ઉસેડીને થઇ ગયો છૂમંતર

રાજકોટ, તા. ૩

ગઠીયાગીરીની રોજબરોજ સામે આવતી ઘટનાઓમાં રોજ ઉઠીને નવા ભોગ બનનારા અને નવા ગઠીયા સામે આવતા રહે છે. વધુ આવા બે બનાવમાં બે કરોડની અને અડધા કરોડની ઠગાઇ સામે આવી છે. જેમાં એક કંપનીના ત્રણ સંચાલકો બીજી કંપની સાથે બે કરોડની ઠગાઇની રમત રમી ગયા છે. અન્ય બનાવમાં ગ્રાહક સેવા કેન્દ્રનો સંચાલક ખાતેદારોના અડધા કરોડથી વધુ રૂપિયા ઉસેડી ગાયબ થઇ ગયો છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો સુરતની આ ઘટના છે. જેમાં મુંબઇમાં આવેલી પ્રોટેક કોન્સેપ્ટ પ્રા.લી. કંપનીના ત્રણ સંચાલકોએ ડેન્ટલ પ્રોસ્થેસીસ માટે ઝીરકોનાયા ડિસ્કનું ઉત્પાદના કરતા હોવાનું અને તેની પાસ પંદ જેટલી પેટન્ટ હોવાનું કહીને સુરતના શાહ બિઝનેસ વેન્ચર્સના ડિરેક્ટર પાસે રૂ.૨.૦૮ કરોડનું રોકાણ કરાવી છેતરપિંડી કર્યાનો બનાવ ઉમરા પોલીસમાં દાખલ થયો છે. સુરતના પાર્લે પોઇન્ટ સ્થિત શોટ કોર્પોરેટ હાઉસમાં આવેલી શાહ બિઝનેસ વેન્ટર્સના ડિરેક્ટર રીશી શાહ છે. રીશી શાહના પરિચિત સમીર મહેતા અને કેતન શ્રોફ તેમની ઓફિસ પર મુંબઇ વેસ્ટ ભાડુપમાં આવેલી કેશવ સૃષ્ટીમાં રહેતા ડેન્ટીસ્ટ ડો. નિલેશ દુબેને લઇનએ આવ્યા હતા. ડો.નિલેશે પોતે ડો. ધીરજ દુબે અને પુષ્પલતા દુબે સાથે મુંબઇમાં પ્રોટેક કોન્સેપ્ટ પ્રા.લી. નામે કંપની ચલાવે છે અને ડેન્ટલ પ્રોસેથેસીસ માટે કઝીરકોનીયા ડિસ્કનુ ઉત્પાદન કરતા હોવાનું કહ્યુ હતું.




તેમની પાસે ૧૫ પેટન્ટ હોવાનું જણાવ્યું હતું. જેમાં યુ.એસ.માં ડેન્ટલ પ્રોડક્ટ્સ માટે મંજૂરી શામેલ છે. તેમની કંપનીનો બી.એન્ડ.ડી. ડેન્ટલ કોર્પ, યુ.એસ. સાથે એમ.ઓ.યુ. થયો છે અને ઝીર્કોનિયા ડિસ્ક માટે એફ.ડી.એ.ની મંજૂરી પણ મળેલી છે. તેમણે ત્રણ તબક્કાના -ોજેક્ટનું વર્ણન કર્યું હતુ. પ્રથમ, ઝીર્કોનિયા ડિસ્કનું ઉત્પાદન અને માર્કેટિંગ; બીજું,પ્રોસ્થેસીસ માટે આર.એન્ડ.ડી.; અને ત્રીજું, ઝીર્કોનિયા મટિરિયલનો નોન-મેડિકલ સેક્ટરમાં ઉપયોગ. આ માટે વિશાખાપટ્ટનમમાં પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. શાહ બિઝનેસ વેન્ચર્સે રોકાણ માટે સંમતિ આપતા ૨૬ એપ્રિલ, ૨૦૨૪ના રોજ એક ઔપચારિક ટર્મશીટ પર હસ્તાક્ષર થયા, જેમાં પ્રારંભિક ડિપોઝિટ તરીકે રૂ.૧.૦૮ કરોડ ૩ મે, ૨૦૨૪ના રોજ પ્રોટેક કોન્સેપ્ટના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા. ત્યારબાદ ડૉ. નિલેશ દુબેએ પ્લાન્ટ નિર્માણ માટે વધુ નાણાંની માંગણી કરતા ૨૩ જુલાઈ, ૨૦૨૪ના રોજ રૂ.૧ કરોડનું વધુ ટ્રાન્સફર કર્યા હતા આમ કુલ રકમ રૂ.૨.૦૮ કરોડ દુબેને આપી દીધા હતા.

દુબે ત્રીપુટી દ્વારા પ્રોજેક્ટની પ્રગતિ અંગે કોઈ અપડેટ્સ કે ડોક્યુમેન્ટેશન નહી આપતા રીશી શાહને શંકા ગઇ હતી. જ્યારે કંપનીએ તપાસ કરાવતા ડો. દુબેએ જે પેટન્ટની વાત કરી હતી તે બી.એન્ડ.ડી. ડેન્ટલ કોર્પની પેટન્ટ અગાઉથી જ રદ થઈ ગઈ હતી અને પ્રોટેક કોન્સેપ્ટ પાસે તેનો ઉપયોગ કરવાના કોઈ અધિકારો નહોતા. આરોપીઓનો સંપર્ક કરતાં તેમણે ટેકનિકલ સમસ્યાઓ અને યુ.એસ.માં કાર્યવાહી ચાલતી હોવાનું કહીને બહાના શરૂ કરી દીધા હતા. આમ બે કરોડનો ચૂનો કંપની સંચાલકને લાગી ગયો હતો.

બીજી ઘટનામાં નડીયાદના ઠાસરા તાલુકાના કાલસર ગામમાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના ખાતેદારો સાથે ૫૦ લાખથી વધુ રૂપિયાની છેતરપિંડી થઈ છે. બેંક દ્વારા કાલસર ગામમાં ગ્રાહક સેવા કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે. આ સિવાય કેન્દ્રના સંચાલક શાહરૂખ મલેક દ્વારા ખાતેદારો પાસેથી રોકડ લીધા બાદ બોગસ સર્ટિફિકેટ આપ્યા હોવાના આક્ષેપો ઉઠ્યા છે. જેમાં સંચાલક શાહરૂખ મલેક આઠ વર્ષથી આ વ્યવસાય કરતો હતો. જેમાં તેને ૨૦૨૨થી છેતરપિંડી કરવાનું ચાલુ કર્યું હતું. હાલ છેતરપિંડીનો આંક ૫૨ લાખ પર પહોંચ્યો છે. જે કરોડે પહોંચવાની સંભાવના છે. ઠાસરા તાલુકાના કાલસર ગામમાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા બેંકની પાસે જ ગ્રાહક સેવા કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે.

જેમાં ગ્રાહક સેવા કેન્દ્રમાં સંચાલક શાહરૂખ મલેક દ્વારા લોકો પાસે રોકડ લઈ એફડી મૂકી દેવાના અને પોતાના જ કોમ્પ્યુટરમાં -િન્ટ કરી સિક્કા મારીને એફડીની ખોટી રીસીપ્ટ પણ આપવામાં આવી હતી. જેમાં કાલસર ઉપરાંત આસપાસના દસ ગામોના ખાતેદારકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. જેમાં ગ્રાહક સેવા કેન્દ્રના સંચાલક દ્વારા ખાતેદારો પાસેથી રોકડ રકમ લઈ ખોટી બેંકની રીસીપ્ટ અને સિક્કો મારી પચાસ લાખથી વધુની છેતરપિંડી કરવામાં આવી હોવાના આક્ષેપો લગાવવામાં આવી રહ્યા છે. જેમાં બેંકમાં ખાતા ધારકો દ્વારા અરજીઓ આપવામાં આવી રહી છે. જેમાં ૨૨ એપ્લિકેશન થકી હાલ સુધીમાં ૫૦ લાખથી વધુની છેતરપિંડી કરવામાં આવી છે. ત્યારે ગ્રાહક સેવા કેન્દ્રનો સંચાલક શાહરૂખ મલેક છેલ્લા ૮ વર્ષથી આ વ્યવસાય કરતો હતો.

જેમાં તેને ૨૦૨૨ થી ઠગાઇ કરવાનું ચાલુ કર્યું હતું. ત્યારે ૩ વર્ષમાં તેને ૫૦ લાખથી વધુની છેતરપિંડી આચરી છે. જોકે, આ અંગે બેંકના મેનેજર દ્વારા આવનાર સમયમાં પોલીસ ફરિયાદ નોધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. કાલસર ગામમાં આવેલ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા બેંક પાસે જ ગ્રાહક સેવા કેન્દ્ર આપવામાં આવ્યું છે. જેમાં મારો ભત્રીજો શાહરૂખ મલેક સંચાલન કરતો હતો. જેને ફરીદાબેન નઝીર મિયા મલેક ના નામની એફડી ના કુલ ૧૦ લાખ રૂપિયા છે. આ રીતે અનેક ખાતા ધારકોના રૂપિયા મળી અડધા કરોડની ઠગાઇ થઇ જતાં રોકાણકારોમાં દેકારો મચી જતાં તપાસ શરૂ થઇ છે.

---

### મવડી સર્કલ પાસે આવેલી આઉટ સોર્સિંગ કંપનીનું આઇડી પુર્વ કર્મચારીએ હેક કરી લીધું

# ડેટા વાયરલ કરવાની ધમકી દઇ માંગ્યા ૮૦ લાખ

## કંપની ડિરેક્ટર ચંદ્રપાર્કમાં રહેતાં યુવાનની ફરિયાદ પરથી શહેર સાયબર ક્રાઇમ પોલીસે અનંત કોબીયા વિરૂધ્ધ દાખલ કરી એફઆઇઆરઃ ઝડપી લેવા તજવીજ



રાજકોટ, તા. ૩

સાયબર ક્રાઇમના અલગ અલગ કિસ્સા રોજબરોજ રાજ્યભરના સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં દર્જ થતા રહે છે. આ સિવાય સાયબર ક્રાઇમ હેલ્પલાઇન પર પણ અઢળક પ્રમાણમાં ફ્રોડની ફરિયાદો મળતી રહે છે. દરમિયાન રાજકોટ શહેરમાં ૧૫૦ ફુટ રીંગ રોડ પર રહેતાં અને આઉટ સોર્સિંગ કંપની ચલાવતાં યુવાનનું કંપનીનું આઇડી તેના પુર્વ કર્મચારીએ હેક કરી લઇ બ્લેકમેઇલ કરી જો મને એંસી લાખ નહિ આપે તો તારી કંપનીનો ડેટા વાયરલ કરી દઇશ તેવી ધમકી આપતાં સાયબર ક્રાઇમ પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે.

બનાવની વિગતો પર નજર કરીએ તો આ બારામાં શહેર સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા દોઢસો ફુટ રીંગ રોડ પર ચંદ્ર પાર્ક-૨ શેરી નં. ૧૪માં રહેતાં પાંત્રીસ વર્ષના કૈલાસભાઇ અરવિંદભાઇ પ્રજાપતિની ફરિયાદ પરથી આનંદ વાઘજીભાઇ કોબીયા વિરૂધ્ધ આઇટી એક્ટ સહિતની કલમો હેઠળ એફઆઇઆર દાખલ કરી તેની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે. કૈલાસભાઇ પ્રજાપતિ પ્રમોકાશ આઉટ સોસીંગ પ્રા.લીમીટેડ કંપનીના ડાયરેક્ટર છે. તેની સાથે પ્રમોદભાઇ બાબુભાઇ યાદવ પણ આ કંપનીમાં ડાયરેક્ટર છે અને આ કંપની મવડી સર્કલ આરકે એમ્પાયર-૯૨૬ ખાતે આવેલી છે. આ કંપનીમાં કૈલાસભાઇ તેમજ તેના ભાગીદાર અને બીજા સ્ટાફના છ માણસો મળી લેબર સપ્લાયનું કામ કરે છે.

તેણે વધુમાં કહ્યું હતું કે અમારી આ કંપની કૈલાસ.પ્રજાપતિ પ્રમોકોશ ડોટ કોમ નામનું ઇ-મેઇલ આઇડી વાપરે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે ગત તા.૨૭/૦૬/૨૦૨૫ ના રોજ હુ કંપનીએ હતો ત્યારે આશરે બપોરે સાડા બારેક વાગ્યે મારા મોબાઇલમાં સ્ક્રીન ઉપર એક નોટીફીકેશન આવેલ જેમાં અમારુ ઇ-મેઇલ આઇડી અન્ય કોઇ ડિવાઇસમાં લોગઇન હોવાનુ નોટીફીકેશન હતુ ત્યારબાદ મે મારુ ઉપરોક્ત આઇ.ડી મારા ફોનમાં લોગઇન કરતા તે લોગઇન થતુ ન હોઇ હેક થયું હોય તેવું જણાયુ હતું. ત્યારબાદ થોડાક દિવસો પછી અનંત કોબીયા નામના મારા કંપનીના જુના કર્મચારી મને સોરઠીયાવાડી સર્કલ પાસે મળ્યો હતો.

આ પુર્વ કર્મચારી અનંતે મને કહેલ કે મે તારી કંપનીના ઇ-મેઇલ આઇડી હેક કરેલ છે તથા જો તારા આ આઇડી તથા કંપનીનો ડેટા પાછો જોઇતો હોય તો તારે મને રૂ.૮૦,૦૦,૦૦૦ આપવા પડશે અને જો રૂપિયા નહી આપ તો તમારી કંપનીનો ડેટા વાયરલ કરી દઈશ. અનંત કોબીયા અમારી કંપનીમા આશરે ત્રણ વર્ષ પહેલા એકાઉન્ટન્ટ તથા એચ.આર તરીકે નોકરી કરતા હતા. તેણે મારી જાણ બહાર કપટથી મારી મેઇલ આઇડી હેક કરી મારા કમ્પ્યુટરમા રહેલ કંપનીનો ડેટા વાઇરલ કરવાની ધમકી આપી બ્લેક મેલ કરતા મેં સાયબર ક્રાઇમમાં ૧૯૩૦ ઉપર ફરિયાદ કરી હતી. તેના આધારે હવે એફઆઇઆર દાખલ કરાવી છે. આ ગુનો દાખલ થતાં સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના એસીપી સી. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સપેક્ટર એસ. ડી. ગીલવા અને સ્ટાફે તપાસ શરૂ કરી હતી.

---

### નાની મોટી વાતે બની રહેલી હત્યાની ઘટનાઓમાં સતત વધારોઃ વધુ બે ખૂન

# દારૂડીયા બાપને દિકરાએ જ પતાવી દીધા

## બીજી ઘટનામાં કામ કરતી વખતે ઝઘડો થતાં ત્રીસ વર્ષના મજૂરને સાથી મજૂરે પથ્થરના ઘા ફટકારી માથું છુંદી મારી નાંખ્યો

રાજકોટ, તા. ૩

રાજ્યભરમાં રોજબરોજ હત્યા, આત્મહત્યા, હત્યાના પ્રયાસ, મારામારીની ઘટનાઓ સામે આવતી રહે છે. નાના મોટા નજીવા કારણોસર પણ હત્યા થઇ જાય છે. હત્યાની વધુ બે ઘટના સામે આવી છે જેમાં એક બનાવમાં એક યુવાને પોતાનો નશાખોર પિતા માતાને મારકુટ કરી રહ્યો હોઇ માતાને છોડાવવા માટે તે પિતા પર લાકડીથી તૂટી પડ્યો હતો અને તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. બીજી ઘટનામાં બે મજૂરો વચ્ચે માથાકુટ થતાં એક મજૂરે બીજાને પથ્થરના ઘા ફટકારી માથુ છુંદી નાંખી ક્રુર હત્યા કરી હતી.

હત્યાની પ્રથમ ઘટના પર નજર કરીએ તો બોટાદમાં નશામાં ધૂત પતિ તેની પત્નિને માર મારતો હોઇ પોતાની માતાને બચાવવા પુત્રએ નશાખોર પિતાને લાકડીઓના ઘા ફટકારી ગંભીર ઈજા પહોંચાડી હતી. બાદ પોલીસને જાણ કરતા પોલીસે પીધેલા અંગેનો કેસ કરી મેડિકલની કાર્યવાહી બાદ આધેડને લોકઅપમાં રાખ્યા હતા જ્યાં તેની તબિયત લથડતા મોત થયું હતું. બનાવ અંગે બોટાદ પોલીસ મથકમાં પુત્ર સામે હત્યાનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી. બોટાદ



ખાતે રહેતા ભરતભાઈ બચુભાઈ ગોહેલ નામના છેતાલીસ વર્ષના આધેડ સવારે નશાની હાલતે ઘરે આવી તેમના પત્નિ જયાબેન સાથે ઝઘડો કરવા લાગ્યા હતા. આ દરમિયાન તેમના દિકરા દિકરીઓએ તેમને ઝઘડો નહી કરવા સમજાવ્યા હતા. પરંતુ નશામાં તેઓ કોઈનું માન્યું નહી અને પત્નિ જયાબેનને માર મારી ગળું પકડી લીધું હતું. આ દરમિયાન તેમના ઓગણીસ વર્ષના દિકરા રાકેશ ગોહેલએ ઘરમાં પડેલી લાકડી વડે તેના પિતાને માર મારી છોડાવ્યા હતા.

આ પછી રાકેશે જ પોલીસને જાણ કરતા બોટાદ પોલીસે સ્થળ પર જઈ ભરતભાઈને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જ્યાં પોલીસે તેમના વિરૂદ્ધ પિધા બાબતનો કેસ કરી મેડિકલ કરાવી લોકઅપમાં રાખ્યા હતા. તેમજ તેમના દિકરા રાકેશે લાકડી મારી હોય તેને પણ લોકઅપમાં રાખ્યો હતો. આ પછી ભરતભાઈ ગોહિલ લોકઅપમાં બેહોશ થઈ જતાં તેમને સોનાવાલા હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે ભરતભાઈ બચુભાઈ ગોહિલને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ સંદર્ભે બોટાદ ટાઉન પોલીસ મથકમાં પતિની હત્યા કરવા બદલ પુત્ર વિરૂદ્ધ માતાએ જ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. શરૂઆતમાં કસ્ટડિયલ ડેથથી મોતની ચર્ચાઓ વહેતી થઈ હતી પરંતુ બાદમાં પુત્રએ પિતાની હત્યા કર્યાનું પોલીસની તપાસમાં ખુલ્યું હતું.

હત્યાની બીજી ઘટના ભચાઉમાં બની છે. પૂર્વ કચ્છમાં હત્યાના બનાવો અટકવાનું નામ નથી લેતા, પડાણા નજીક લૂંટના ઈરાદે યુવકના ખૂન બાદ ભચાઉના નંદગામ પાસે આવેલા એચપી પેટ્રોલપમ્પ નજીક સાથે કામ કરતા બે પરપ્રાંતિય કામદારો ઝઘડ્યા હતા જેમાં એકે માથામાં પથ્થરના ઘા ઝીંકી દેતાં ત્રીસ વર્ષીય યુવક ત્યાં જ ઢળી પડ્યો હતો અને હત્યા કરનાર ત્યાંથી ભાગી ગયો હતો. આ ઘટના અંગે ભચાઉ પોલીસ મથકેથી મળેલી પ્રાથમિક માહિતી અનુસાર નંદગામ પાસે કંપનીમાં કામ કરતા ત્રીસ વર્ષીય હર્ષ રાજુ શર્માનો તેની સાથે કામ કરતા કર્મી જોડે આજે બપોરે નંદગામ નજીક એચપી પેટ્રોલપમ્પ પાસે ઝઘડો થયો હતો. જેમાં જેની સાથે ઝઘડો થયો તે શખ્સે હર્ષને માથામાં પથ્થર ઝીંકી હત્યાને અંજામ આપ્યો હતો અને ત્યાંથી ભાગી ગયો હતો.

ઘટનાની જાણ ભચાઉ પોલીસને જાણ થતાં ચાર વાગ્યે ઘટનાસ્થળે ધસી ગઇ હતી. પોલીસે મૃતદેહ પોસ્ટ મોર્ટમ અર્થે મૃતદેહ સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો. ભચાઉ પોલીસ ઈન્સ્પેક્ટર એ.એ.જાડેજાને પુછતાં હાલ મૃતકના પરિવારજનોને જાણ કરી હત્યા કરીને ભાગી ગયેલા અજાણ્યા ઇસમને પકડવા ચક્રો ગતિમાન કરાયા હોવાનું તેમણે જણાવ્યું હતું. હાલ આ ઘટનાથી પોલીસ બેડામાં દોડધામ મચી જવા પામી હતી.કયા કારણોસર આ મૃતકનો ઝઘડો થયો? તે આરોપી ઝડપાયા બાદ બહાર આવશે.

# ત્રણ અપમૃત્યુ : ડેલો માથે પડતાં યુવાનનું મોત

## બે કિસ્સામાં કોલેજના કર્મચારી સહિત બે લોકોના દિલની દગાખોરીથી થયા મૃત્યુઃ પરિવારજનોમાં શોકની કાલીમા

રાજકોટ, તા. ૩

અપમૃત્યુની વધુ ત્રણ ઘટના બની છે. જેમાં એક યુવાન પર લોખંડનો ડેલો માથે પડતાં તેનું કમકમાટી ભર્યુ મોત થયું હતું. જ્યારે બે કિસ્સામાં કોલેજના કર્મચરી સહિત બે લોકોના હાર્ટએટેકથી મૃત્યુ થયા હતાં.

વિગતો પર નજર કરીએ તો મેટોડા જીઆઇડીસીમાં કારખાનામાં કામ કરી રહેલા ઓગણીસ વર્ષના યુવાન પર લોખંડનો ગેઇટ પડતાં ગંભીર ઇજા થતાં મોત થયું હતું. મેટોડા જીઆઇડીસી ગેઇટ નં. ૩માં આવેલા ટચુબના કારખાનામાં કામ કરતાં સાહીદઆસ મોહમ્મદમિંયા અંસારી નામના ઓગણીસ વર્ષના યુવાન પર તે કામ કરતો હતો ત્યારે લોખંડનો દરવાજો માથે પડતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવથી મજુર પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

અન્ય બનાવોમાં દિલની દગાખોરી બે લોકો માટે જીવલેણ નીવડી હતી.



પૂજારા પ્લોટ-૩માં આવેલા સદ્દગુરૂપૂજા એપાર્ટમેન્ટ-૧માં બીજા માળે રહેતાં અઠાવન વર્ષના ચંદ્રકાંતભાઇ વિનોદરાય ટાંક ઘરે બેભાન થઇ જતાં અગાઉ તેમને કિડનીની તકલીફ હોઇ પ્રથમ બી. ટી. સવાણી હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ વહેલી સવારે મોત થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ચંદ્રકાંતભાઇ ટાંક ત્રણ ભાઇમાં મોટા હતાં. તેઓ ડી.એચ. કોલેજમાં પ્યુન તરીકે નોકરી કરતાં હતાં. હાર્ટએટેક આવી ગયાની શકયતા તેમના પરિવારજનોએ જણાવી હતી.

જ્યારં કુંભારવાડામાં રહેતાં અરવિંદભાઇ રામજીભાઇ ટાંક નામના છપ્પન વર્ષના પ્રૌઢ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. અરવિંદભાઇ દરજી કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. તેમને સંતાનમાં બે પુત્ર છે. એ-ડિવીઝનના હેડકોન્સ. રમેશભાઇએ જરૂરી કાર્યવાહી કરી હતી. બંને બનાવમાં હૃદય રોગના હુમલા મૃત્યુનું કારણ બન્યા હતાં.

---

### ગમે ત્યારે ગમે તેની સાથે થઇ જતો પ્રેમ અને પ્રેમલગ્ન ટકાવવાનું ખુબ અઘરૂ

# લવમેરેજ બાદ લાઇફ ગોટાળે ચડીઃ યુવાને મેળવ્યું મોત

## પત્નિના પરિવારજનોએ વાંધો ઉઠાવ્યો, પછી ખુદ પત્નિએ પણ છુટાછેડા માંગ્યાઃ કોર્ટમેટર ચાલુ હોવા છતાં બધાએ ભેગા મળી એવો ત્રાસ દીધો કે યુવાન મરવા મજબૂર થયો

રાજકોટ, તા. ૩

આજના યુગમાં પ્રેમ કરનારા ગમે ત્યાં ગમે તેની સાથે ગોઠવાઇ જતાં હોય છે. તેમાં પણ સોશિયલ મિડીયા થકી પ્રેમમાં પડી જનારાઓની સંખ્યા વધી ગઇ છે. જો કે આવા પ્રેમમાં સમજદારી, વિશ્વાસ, સંબંધ જાળવવાની ક્ષમતાનો અભાવ હોય તો આવા પ્રેમનું રિચાર્જ ઝડપથી ખતમ થઇ જાય છે. પછી આવા પ્રેમના ભંગાણ થઇ જાય છે. સમયાંતરે આવી ઘટનાઓ સામે આવતી હોય છે જેમાં પતિ કે પત્નિની કે પછી પ્રેમી કે પ્રેમીની બેવફાઇને કારણે બેમાંથી કોઇ એક આપઘાતનો માર્ગ અપનાવતું હોય છે. ઘણીવાર તો વાત હત્યા સુધી પહોંચતી હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં પ્રેમલગ્ન કનારા યુવાનને બાદમાં પત્નિ અને તેના પરિવારના લોકો છૂટાછેડા માટે સતત દબાણ કરી હેરાન કરતાં હોઇ આ યુવાને પોતાનો જીવ આપી દીધો હતો!

ચોંકાવનારી અને પ્રેમીઓ માટે લાલબત્તી સમાન આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવ નડીયાદના ઠાસરા પંથકની છે. ઠાસરા તાલુકાના સાંઢેલી ગામમાં પ્રેમલગ્ન બાદ છૂટાછેડા માટે પત્નિ અને તેના પરિવારના સભ્યો ત્રાસરૂપ બની ગયા હતાં. અવારનવાર માનસિક ત્રાસ અને દબાણથી કંટાળીને એક યુવકે આપઘાત કરી લીધો હોવાનો બનાવ સામે આવ્યો છે. આપઘાત કરનારા પંકજભાઈ વાઘેલાના મોટા ભાઈ હરીશકુમાર ઉર્ફે હર્ષદકુમાર વાઘેલાએ ઠાસરા પોલીસ સ્ટેશનમાં પાંચ લોકો સામે ફરિયાદ નોંધાવી છે. ઠાસરા સાંઢેલી ગામના પાંત્રીસ વર્ષના પંકજભાઈ કાળીદાસ વાઘેલાએ આશરે પાંચ વર્ષ પહેલાં ગામની ભાવિકાબેન જશુભાઈ રોહીત સાથે પ્રેમ સંબંધ હોય કોર્ટ મેરેજ કર્યા હતા.

લગ્ન બાદ ભાવિકાબેન ગામમાં રહેતી હતી. આઠ મહિના પહેલાં ભાવિકાબેનના પરિવારને પ્રેમલગ્નની જાણ થતાં ભાવિકાના પિતા જશુભાઈ, માતા ગીતાબેન, ફોઈ શારદાબેન, અને ફુવા ગિરીશભાઈ સહિતના પરિવારજનોએ પંકજભાઈ અને તેમના પરિવાર સાથે બોલાચાલી કરી હતી. આ ઘટના બાદ સમાજના આગેવાનોની મધ્યસ્થીથી કોર્ટ દ્વારા છૂટાછેડા લેવાનું નક્કી થયું હતું. આ પછી પત્નિ ભાવિકાબેને ઠાસરાએ




### બીજી એક ઘટનામાં યુવતિ સામે વિકૃત શખ્સે બિભત્સ ચાળા કરતાં યુવતિનો આપઘાતનો પ્રયાસ

પણ ફેમિલી કોર્ટમાં છૂટાછેડા માટે કેસ દાખલ કર્યો હતો. છૂટાછેડાનો કેસ ચાલુ હોવા છતાં, ભાવિકા, તેના પિતા જશુભાઈ, માતા ગીતાબેન, ફોઈ શારદાબેન, અને ફુવા ગિરીશભાઈ પંકજભાઈ પર છૂટાછેડા આપવા માટે સતત દબાણ કરતા અને માનસિક ત્રાસ આપતા હતા.

પંકજભાઈએ તેમના ભાઈ હરીશકુમારને આ ત્રાસ વિશે જણાવ્યું હતું. દરમિયાને પંકજભાઈ તેમના ઘરની સામે આવેલા કાકાના મકાનમાં રસોડાની રૂમમાં ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. પરિવારજનો તાત્કાલિક તેમને ઠાસરા સરકારી દવાખાને લઈ ગયા, જ્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા. મૃતક પંકજભાઈના ખિસ્સામાંથી એક ચિઠ્ઠી મળી આવી હતી, જેમાં તેમણે લખ્યું હતું કે તેમના મૃત્યુ માટે ગિરીશભાઈ, શારદાબેન, જશુભાઈ, ગીતાબેન અને પત્નિ ભાવિકાબેન જવાબદાર છે, કારણ કે તેઓ ધાકધમકી આપીને મરવા માટે મજબૂર કરતા હતા. આ ચિઠ્ઠીના આધારે, હરીશકુમાર વાઘેલાએ ભાવિકાબેન, જશુભાઈ રોહીત, ગીતાબેન જશુભાઈ રોહીત, શારદાબેન ગિરીશભાઈ રોહીત અને ગિરીશભાઈ રોહીત વિરૂધ્ધ ઠાસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ કરવામાં આવી હતી. આમ પ્રેમલગ્ન વધુ એક વખત એક યુવાન માટે જીવલેણ સાબીત થયા હતાં તેમ કહી શકાય.

બીજી એક ચોંકાવનારી ઘટનામાં અમરેલીના ધારીના વાઘાપરામાં મજુરી કરવા ગયેલી યુવતિ સામે એક શખ્સે બિભત્સ ચેનચાળા કર્યા હતા. યુવતિના પરીવારને મારી નાખવાની ધમકી આપતા યુવતિએ ગળાફાંસો ખાઈ લેવાની કોશિષ કરતા સારવારમાં ખસેડવામાં આવી હતી. ધારીના વાઘાપરામાં રહેતી એક ઓગણીસ વર્ષિય યુવતિએ અહીંના રાજુ રામજીભાઈ રાઠોડ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે બે માસ પહેલા તે મજુરી અર્થે એક વ્યક્તિના ઘરે ગઈ હતી. ત્યારે રાજુ રામજીભાઈ રાઠોડ નામના શખ્સે તેમની આબરૂ લેવાના ઈરાદે બિભત્સ ચેનચાળા કર્યા હતા.

તેમજ આ બાબત કોઈને કહીશ તો પરીવારને મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે યુવતિને ડર લાગતા તેણીએ ગળાંફાસો ખાવાની કોશીષ કરી હતી. જેના કારણે તેને સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. આ અંગે યુવતિએ રાજુ રામજીભાઈ રાઠોડ સામે ગુનો નોધાવતા હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ વાળાએ તપાસ શરૂ કરી હતી.

### હવસખોરો ઠેકઠેકાણે પોતાની લોલૂપ નજર રાખીને બેઠા હોય છેઃ આવા ઢગાઓથી ચેતો

# બાળા પર બળાત્કારનો પ્રયાસઃ વિકૃત વિઠ્ઠલે ભર્યા બટકા

## પાણી પીવાના બહાને ઘરમાં ઘુસી રૂમમાં ખેંચી ગયોઃ બાળાએ બૂમાબૂમ કરી મુકતાં પડોશીના ઘરે ગયેલી માતા સહિતના દોડી આવ્યાઃ પોલીસે હવસખોરને દબોચી સરાજાહેર પુછપરછ કરી

રાજકોટ, તા. ૩

વિકૃત ઢગાઓ ગમે ત્યારે હવસખોરી આચરી બેસતા હોય છે. આવા લેભાગુઓ સગીરાઓ, યુવતિઓને કોઇપણ ભોગે ફસાવવા માટે ઘાંઘા થઇને ફરતાં હોય છે. કેટલાક આવા શિકારી સોશિયલ મિડીયા પર લોલુપ નજર નાંખીને દાણા નાખતા હોય છે અને બાળાઓ, યુવતિઓને ફસાવી લેતાં હોય છે. કેટલાક ખુલ્લેઆમ પોતાનો બદઈરાદો પાર પાડવા તૂટી પડતાં હોય છે. આવી જ એક ચોંકાવનારી ખળભળાટ મચાવતી ઘટના સામે આવી છે જેમાં એક બાળા ઘરમાં એકલી હોવાની ખાત્રી કર્યા બાદ પાણી પીવાના બહાને હવસખોર ઘરમાં ઘુસી ગયો હતો અને બળાત્કારનો પ્રયાસ કર્યો હતો. જેમાં સફળ ન થતાં તેણે સગીરાને બટકા ભરી લીધા હતાં. બાળા એકલી હોઇ હવસખોરે તેના પર નજર બગાડી હતી.

ઘટના પર નજર કરીએ તો આ બનાવ ભાવનગરના ઉમરાળા પંથકમાં બન્યો છે. ઉમરાળા પંથકના એક ગામે એક સગીરા ઘરે એકલી હતી તે વેળાએ ઘરની નજીકથી પસાર થઇ રહેલા એક વિકૃત શખ્સે સગીરાને ઘરે એકલી જોઇ, ઘરમાં ઘુસ્યો હતો અને સગીરા પાસે પીવાનું પાણી માંગી, સગીરાનું બાવડું પકડી, દુષ્કર્મના ઈરાદે રૂમમાં ખેંચી ગયો હતો અને હવસનો શિકાર બનાવવા સગીરાને બચકા પણ ભરતા સગીરાએ બુમાબુમ કરી હતી અને તેના અવાજથી સગીરાની માતા સહિત પડોશીઓ આવી જતાં વિકૃત શખ્સને પકડી મેથીપાક આપી, ઉમરાળા પોલીસને હવાલે કરી દેતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો. ઉમરાળા પંથકના એક ગામે માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે.



એક ગામે રહેતા પરિવારમાં સગીર વયની દિકરીને ઘરે એકલી મુકી તેમના પિતા તેમજ માતા બહાર ગયા હતા અને સગીરા ઘરે એકલી હતી. તે વેળાએ તે જ ગામમાં ભાગીયુ રાખી ખેતમજુરી કરતો વિઠ્ઠલ ગલસીંગભાઇ માવી સગીરાના ઘરની નજીકથી પસાર થયો હતો ત્યારે સગીરાને ઘરે એકલી જોઇ જતાં, સગીરા વિરૂદ્ધ નજર બગાડી હતી અને ઘરમાં ઘુસી જઇ સગીરા પાસે પીવાનું પાણી માંગ્યુ હતુ. એક જ ગામમાં રહેતા શખ્સે પાણી માંગતા સગીરાએ લાગણી ખાતર પાણી ભરીને આવતા, વિઠ્ઠલ માવીએ દુષ્કર્મના ઈરાદે સગીરાનું બાવડું પકડી, રૂમમાં ખેંચી ગયો હતો અને સગીરા સાથે બળજબરી કરી, અડપલા કર્યા હતા અને જે વેળાએ સગીરાને પોતાના વશમાં કરવા આરોપી બચકા ભરી જતાં સગીરાએ તેની સજાગતાથી બુમાબુમ કરી મુકી હતી.

દિકરીનો દેકારો સામંભળી ઘરની નજીકમાં જ રહેલી સગીરાની માતા તેમજ પડોશીઓ અવાજ સાંભળીને ઘરે દોડ મુકતા, માતાના પગની નીચેથી જમીન ખસી જવા પામી હતી. પડોશીઓએ આરોપીને પકડી લઇ ખુબ મારમારી, ઉમરાળા પોલીસને સોંપી આપ્યો હતો. જ્યાં સગીરાના પિતો આરોપી વિઠ્ઠલ માવી કે જે મુળ દાહોદનો છે તેના વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ઉમરાળા પોલીસે આરોપીને તાત્કાલીક ઝડપી લઇ, સમાજમાં દાખલો બેસે તેને માટે આરોપીની સરાજાહેર સરભરા કરાવી હતી. આરોપીને જાહેરમાં લોકો વચ્ચે લઇ જઇ ઉઠક-બેઠક કરાવતા લોકોનો ક્રોધ શાંત પડ્યો હતો. આરોપીને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે લઇ જઇ કડક કાર્યવાહીની પણ પોલીસે ખાતરી આપી હતી.

આ પ્રકારના વિકૃત ઢગાઓ ઠેકઠેકાણે પડ્યા પાથર્યા રહેતાં હોય છે. આવા ઢગાઓને ઓળખવા મુશ્કેલ હોય છે, તે પોતાની કુપ્રવૃતિને અંજામ આપે ત્યારે જ તેની ઓળખ થઇ શકતી હોય છે. અજાણ્યા લેભાગુઓથી ચેતતા રહેવુ ખુબ જરૂરી છે. કોઇ પણ સગીરાઓ, બાળાઓએ એકલી ઘરે હોય ત્યારે અજાણ્યાને પ્રવેશ આપવો જોઇએ નહિ. અલગ અલગ બહાના કરી આવા ઢગાઓ ઘુસી જતાં હોય છે. સોશિયલ મિડીયા પર પણ ગમે તેની સાથે ફ્રેન્ડશીપ કરતાં પહેલા ચેતવુ ખુબ જરૂરી છે.

# I-PRAGATI પહેલ : નાગરિકોને પારદર્શકતાનો કરાવ્યો અનુભવ

## ત્રણ મહિનામાં લાખો ફરિયાદીને પોતાના કેસની પ્રગતિ અંગેના અપડેટ્સ ઘરે બેઠા SMS મારફતે આપવામાં આવ્યા




રાજકોટ, તા. ૩

રાજ્યના નાગરિકોને પોતાના પોલીસ કેસ સંદર્ભે થયેલી પ્રગતિના અપડેટ મેળવવા માટે વારંવાર પોલીસ સ્ટેશનના ચક્કર ન લગાવવા પડે તેવા ઉદ્દેશ્ય સાથે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ત્રણેક માસ પહેલા I-PRAGATI પહેલ શરૂ કરવામાં આવી હતી. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ અને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શનમાં શરૂ થયેલી આ પહેલનો મુખ્ય હેતુ પોલીસ ફરિયાદ નોંધાવનારા નાગરિકોને તેમના કેસની પ્રગતિ વિશે ફરિયાદીના મોબાઈલ પર જ SMS મારફતે પારદર્શક અને સમયસર માહિતી પૂરી પાડવાનો છે.

I-PRAGATI પહેલ અંતર્ગત શરૂ કરવામાં આવેલી આ સિસ્ટમ ફરિયાદીને ઓટોમેટિક SMS અપડેટ મોકલે છે, જેનાથી નાગરિકોને વારંવાર પોલીસ સ્ટેશન જવાની જરૂર રહેતી નથી. આ પહેલ શરૂ કરી ત્યારથી એટલે કે તા.૧૪ મે, ૨૦૨૫ થી ૨૮ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન, I-PRAGATI એ નાગરિકોને લાખોની સંખ્યામાં SMS મારફતે અપડેટ્સ મોકલી છે, જેમાં FIR દાખલ થઈ ગયા અંગે ૧.૫૯ લાખથી વધુ SMS, પંચનામા અંગે ૧.૬૫ લાખથી વધુ SMS, નોટિસ અંગે ૨૫ હજારથી વધુ SMS, આરોપીના જામીન અંગે ૨૬ હજારથી વધુ SMS, આરોપી ધરપકડ અંગે ૧.૫૮ લાખથી વધુ SMS, મુદ્દામાલ રિકવર અંગે ૮૯ હજારથી વધુ SMS અને ચાર્જશીટ થયા અંગે ૧.૬૩ લાખથી વધુ SMS મોકલી નાગરિકોને સમયસર તેમના કેસ અંગે અપડેટ આપવામાં આવ્યા છે. આ પહેલથી કાયદાકીય પ્રક્રિયા વધુ પારદર્શક અને સુલભ બની છે.

આ પહેલથી પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ કેસની પ્રગતિ વિશે પૂછપરછ કરતા નાગરિકોના પ્રશ્નોનો જવાબ આપવામાં લાગતા સમયનો બચાવ કરી શકે છે અને તેમનું ધ્યાન કેસની તપાસ પર કેન્દ્રિત કરી શકે છે. આ સિસ્ટમ થકી પોલીસ તંત્રમાં દરેક પ્રક્રિયાનો રેકોર્ડ રાખવામાં આવે છે, જે ઉચ્ચ અધિકારીઓને દેખરેખ રાખવામાં મદદ કરે છે.

### નાગરિકોને થતા ફાયદા

- **પારદર્શકતા અને વિશ્વાસઃ** I-PRAGATI સિસ્ટમ નાગરિકોને તેમની ફરિયાદની સ્થિતિ વિશે સીધી માહિતી આપીને પોલીસ પ્રત્યે વિશ્વાસ વધારે છે.
- **સમય અને શક્તિનો બચાવઃ** નાગરિકોએ તેમના કેસની પ્રગતિ જાણવા માટે પોલીસ સ્ટેશનના વારંવાર ધક્કા ખાવા પડતા નથી, જેનાથી તેમના સમય અને શક્તિનો બચાવ થાય છે.
- **ઓટોમેટિક અપડેટ્સઃ** આ સિસ્ટમ કેસ સંબંધિત દરેક મહત્ત્વપૂર્ણ તબક્કે (જેમ કે ધરપકડ, ચાર્જશીટ વગેરે) નાગરિકોને SMS દ્વારા આપોઆપ અપડેટ્સ મોકલે છે.
- **સુરક્ષા અને સંતોષઃ** નાગરિકોને સતત અપડેટ મળતી રહેવાથી તેઓ સુરક્ષિત અને સંતુષ્ટ અનુભવે છે કે તેમના કેસ પર કામ ચાલી રહ્યું છે.

### પ્રેમપ્રકરણ-મૈત્રીકરાર બન્યા ડખ્ખાનું કારણ : આજીડેમ પોલીસે દાખલ કરી FIR

# ફઇની પુત્રી સાથે ગાયબ થતાં યુવાનના પિતા-ભાઇ પર હુમલો

## સરધારની ઘટનાઃ યુવાનની પત્નિ રિસામણે હોઇ તે ફઇની દિકરી સાથે મૈત્રીકરાર કરી ગૂમ થઇ ગયોઃ યુવતિના ભાઇએ સરધારમાં મામા-મામાના દિકરા સાથે ડખ્ખો કરી ધમકાવ્યા-મારી બહેનને ગોતી નહિ લાવો તો જીવતા નહિ મુકુ

રાજકોટ, તા. ૩

પ્રેમપ્રકરણ, મૈત્રી કરારને કારણે કે પ્રેમલગ્નને કારણે ડખ્ખાના કિસ્સા અવાર-નવાર બનતા રહે છે. દરમિયાન આવી વધુ એક ઘટનામાં રાજકોટના સરધાર ગામે રહેતાં યુવાન કે જેની પત્નિ રિસામણી જતી રહી છે તે યુવાને પોતાના જ સગા ફઇની દિકરી સાથે પ્રેમસંબંધ બંધાઇ જતાં તેણી સાથે મૈત્રીકરાર કરી લેતાં અને બાદમાં આ બંને ગાયબ થઇ જતાં યુવતિના ભાઇએ સરધાર આવી મારી બહેનને ગમે ત્યાંથી ગોતીને હાજર કરજો નહિતર જીવતા નહિ મુકુ કહી છરી કાઢી મામાને ધમકી દઇ તેમજ મામાના દિકરાને ઢીકાપાટુનો માર મારી છરીથી છરકો કરી દેકારો મચાવતાં ગામલોકો ભેગા થઇ ગયા હતાં. આ બનાવની જાણ પોલીસને થતાં એફઆઇઆર દાખલ કરવામાં આવી છે.

વિગતો પર નજર કરીએ તો આ બનાવ અંગે આજીડેમ પોલીસે સરધાર ગામમાં આંબેડકરનગરમાં પૌંસ



ચોકીની બાજુમાં રહી ખેત મજૂરી કરતાં બાવન વર્ષના મુળજીભાઇ હમીરભાઇ મકવાણાની ફરિયાદ પરથી કાલાવડ રોડ ઇસ્કોન મંદિર પાછળ આદિત્ય સોસાયટીમાં રહેતાં તેના ભાણેજ આર્યન વજુભાઇ મેઘાભાઇ દાફડા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે. મુળજીભાઇ મકવાણાએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું ખેત મજૂરી કરુ છું અને પરિવાર સાથે રહુ છું. સંતાનમાં ચાર દિકરા અને બે દિકરી છે. મોટો રાહુલ છે જે પરણેલો છે અને નાના વિપુલના પણ લગ્ન થઇ ગયા છે. તેનાથી નાના આશિષના લગ્ન રાજકોટના વાલાભાઇ નાજાભાઇ પરમારની દિકરી આશા સાથે થયા હતાં. હાલ આશિષના પત્નિ માવતરે રિસામણે છે. સૌથી નાનો અભય કુંવારો છે.

મુળજીભાઇએ વધુમાં જણાવ્યું હતું કે મારા દિકરા આશિષને મારા સગા બહેન અંબાબેન વજુભાઇ દાફડા કે જે રાજકોટ ઈસ્કોન પાછળ રહે છે તેની દિકરી નેહલ સાથે પ્રેમસંબંધ હોઇ બંનેએ રાજીખુશીથી મરજીથી વીસેક દિવસ પહેલા મૈત્રીકરાર કરી લીધા છે અને બંને ક્યાંક નીળી ગયા છે. હાલ ક્યાં છે તેની મને ખબર નથી. મૈત્રી કરારને કારણે મારા બહેન બનેવી સાથે મારે મનદુઃખ ચાલે છે. આ બાબતનું સમાધાન કરવા અમે બધા મંગળવારે તા. ૨ના રોજ સરધારા અમારા કુટુંબી હરિભાઇ ચકાભાઇ મકવાણાને તયાં ભેગા થવાનું નક્કી કર્યુ હતું.

આ પછી નક્કી થયા મુજબ મારા બહેન અંબાબેન, બનેવી વજુભાઇ, તેનો દિકરો આર્યન, બનેવીનો ભાણેજ સહિતના સરધારા આવ્યા હતાં. જ્ઞાતિના માણસો સાથે અમારી બેઠક થઇ હતી. પરંતુ સમાધાન થઇ શક્યું નહોતું. ત્યારબાદ ભાણેજ આર્યન વજુભાઇ દાફડા અમારા પર પાસે આવી મને ગાળો દેવા માંડ્યો હતો અને ઝઘડો કર્યો હતો. આથી મારા દિકરા વિપુલ, અભય, પત્નિ જયાબેન સહિતે આર્યનને ગાળો નહિ બોલવા સમજાવતાં તે વધુ ઉશ્કેરાઇ ગયો હતો અને મારા દિકરા વિપુલ સાથે ઝપાઝપી કરી તેને ઢીકાપાટુ માર્યા હતાં.

આ ઉપરાંત મારા ભાણેજ આર્યને નેફામાંથી છરી કાઢી વિપુલને મારવવા જતાં તેણે હાથ આડો રાખી દેતાં કોણીમાં છરકો થયો હતો. માણસો ભેગા થઇ જતાં આર્યન 'મારી બહેનને મને ગમે ત્યાંથી ગોતીને સોંપી દેજો નહિતર તમને જીવતા નહિ રહેવા દઉ' તેવી ધમકી આપી હતી અને જતો રહ્યો હતો. બાદમાં અમે ફરિયાદ દાખલ કરાવવાનું નક્કી કરી આજીડેમ પોલીસને જાણ કરી હતી. તેમ મુળજીભાઇએ કહેતાં પોલીસ ઇન્સપેક્ટર અશોકસિંહ બી. જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ પી. એચ. પઢેરીયાએ ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી હતી. આમ પ્રેમપ્રકરણ-મૈત્રીકરાર વધુ એક વખત ડખ્ખાનું કારણ બની જતાં ચર્ચા જાગી હતી.

# કલેશને લીધે પેટ્રોલ છાંટી નવલનગરની પરિણીતાનો આપઘાત

રાજકોટ, તા. ૩



કલેશની આગમાં વધુ એક પરિવારનો માળો વિખેરાઇ ગયો છે. નવલનગર-૯માં રહેતી દિપાલીબેન મિલન ઝાલા નામની પરિણીતાએ પેટ્રોલ છાંટી કાંડી ચાંપી લેતાં સારવાર દરમિયાન તેણીનુ મોત થયું છે. તેણીને ઠારવા જતાં પતિ મિલન ભરતભાઇ ઝાલા પણ દાઝી જતાં સારવાર લીધી હતી.

આપઘાત કરનાર દિપાલીબેનના લગ્ન ત્રણ વર્ષ પહેલા થયા હતાં. પતિ કારખાનામાં કામે કરે છે. પતિએ કહ્યું હતું કે હું કામેથી આવી જમીને ફાકી ખાવા જાવ કે મોબાઇલ ફોન જોઉ તો પત્નિ આ બાબતે વાંધો ઉઠાવી ચડભડ કરતી હતી. આથી અમારી વચ્ચે કલેશ થયો હતો. જેના કારણે તેણીએ અગ્નિસ્નાન કર્યુ હતું અને સારવારમાં મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ ચાવડા, પ્રકાશભાઇ રાઠોડ અને ધર્મેન્દ્રભાઇ હુદડે માલવીયાનગર પોલીસને જાણ કરતાં પોલીસે વિશેષ તપાસ હાથ ધરી છે. આ બનાવથી પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી. આપઘાત પાછળ અન્ય કોઇ કારણ તો નથી ને તે જાણવા પોલીસ મૃતકના માવતર પક્ષના નિવેદન પણ નોંધશે.

### ડેલાના માલિક વિશાલભાઇ લાડવાની યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ

# શાંતિનગર ગેઇટ પાસે ગોડાઉનમાંથી તસ્કરો એંસી નંગ ત્રાપા ચોરી ગયા

રાજકોટ, તા. ૩

તસ્કરો નાના મોટા હાથફેરા કરી પોતાની કામગીરીને આગળ વધારતા રહે છે. વધુ એક ચોરીનો બનાવ સામે આવ્યો છે. જેમાં જલારામ ચોકની બાજુમાં કામધેનુ સોસાયટી નજીક શાંતીનગરના ગેઇટ પાસે આવેલા સેન્ટીંગના ગોડાઉનમાંથી તસ્કરો એક લાખની કિંમતના લાખના ત્રાપા ચોરી ગયા છે. જે હાથ આવે એ લઇ જવું તેમાં માનતા તસ્કરોની આ કામગીરીની પોલીસે એફઆઇઆર સ્વરૂપે નોંધ લઇ તપાસ શરૂ કરી છે.



વિગતો જોઇએ તો મવડી મેઇન રોડ પર બાપા સીતારામ ચોકની બાજુમાં સ્વામીનારાયણ પાર્ક-૨ માં રહેતા બત્રીસ વર્ષના વિશાલભાઇ કીશોરભાઇ લાડવા એ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. વિશાલભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે હું સેન્ટીંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવું છું અને શાંતીનગરના ગેઇટની પાસે સેન્ટીંગનો માલ સામાન રાખવા માટે જાનવી સેન્ટીંગ નામે ગોડાઉન ભાડે રાખેલ છે. ત્રણ દિવસ પહેલા ગોડાઉન બંધ કરી ઘરે જતા રહ્યા હતા. બીજા દિવસે સવારે ગોડાઉનમાં ચોરી થઇ હોવાની ખબર પડતા તાકીદે ગોડાઉને જઇ તપાસ કરતા કોઇ અજાણ્યા શખ્સો ગોડાઉનમાં પ્રવેશ કરી એક લાખની કિંમતના લોખંડના ૮૦ ત્રાપા ચોરી ગયા હોવાની ખબર પડી હતી. યુનિવર્સિટી પોલીસ મથકના હેડ કોન્સ. નીલેશભાઇ વાવેચાએ વિશાલભાઇની ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

### શાંત શહેરમાં કોણ ક્યારે કોના પર શું કામ તપી જાય તે નક્કી નથી

# નામીચા ઇભલાની ભાઇઓ સાથે મળી છરી-તાવીથાથી ધમાલ

## ગોંડલ રોડ રાજ પાઉભાજી પાસે વાહન અડી જવા મામલે લોધેશ્વર સોસાયટીના બે પિત્રાઇને માર માર્યોઃ વિડીયો વાયરલ થયોઃ એ-ડિવિઝન પોલીસે ત્રણને પકડ્યાઃ ચાલીસેક ગુનાઓમાં સામેલ ઇભલાની શોધખોળ

રાજકોટ, તા. ૩

આમ તો રાજકોટ શહેર શાંત ગણાય છે પણ અહિ કોણ ક્યારે ક્યાં ગરમી પકડી લે તે કહી શકાતું નથી. કારણ પણ નજીવા હોય છતાં લોકો ગમે ત્યારે સરાજાહેર દે ધનાધન કરવા માંડતા હોય છે અને જે હાથમાં આવે તેને હથીયાર બનાવી લેતાં હોય છે. આવી જ વધુ એક ઘટના સામે આવી હતી. જેમાં શહેરના ગોંડલ રોડ પર રાજ પાઉભાજી પાસે વાહન અડી જવા મામલે માથાકુટ થતાં કેટલાક શખ્સોએ લોધેશ્વર સોસાયટીમાં રહેતાં બે પિત્રાઇ પર હુમલો કરી છરી, તાવીથાથી ઇજાઓ પહોંચાડી હતી. બટાઝટીનો વિડીયો પણ વાયરલ થયો હતો. એ-ડિવીઝન પોલીસે તપાસ કરતાં આ ડખ્ખામાં નામચીન ઇભલો અને તેના ભાઇઓ સહિતના ચાર શખ્સ સામેલ હોવાનું ખુલતાં ત્રણને પકડી લીધા હતાં. ઇભલો હાથમાં આવ્યો ન હોઇ શોધખોળ થઇ રહી છે.





વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં એ-ડિવીઝન પોલીસ લોધેશ્વર સોસાયટી-૨/૭ના ખુણે મહાદેવ મંદિર સામે રહેતાં અઠ્ઠાવીસ વર્ષના જયદિપ ભીખુભાઇ ઝરીયાની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. મારામારીની આ ઘટનાનો વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થયો હતો. એ-ડિવીઝન પોલીસે તપાસ કરતાં આ હુમલો નામીચા શખ્સ ઇભલા અને તેના બે ભાઇઓ સહિત ચારજણાએ કર્યાનું ખુલતાં ત્રણને પકડી લેવાયા છે, ઇબ્રાહીમ ઉર્ફ ઇભલાની શોધખોળ હાથ ધરવામાં આવી છે. જયદિપ ઝરીયા છુટક મજૂરી કરી ગુજરાન ચલાવે છે. તેણે જણાવ્યું હતું કે મંગળવારે રાતે દસેક વાગ્યે મારા મોટા ભાઇ રવિભાઇનો મને ફોન આવ્યો હતો અને ફોનમાં કહ્યું હતું કે-હું અને કાકાનો દિકરો આકાશ બંને એક્સેસ લઇને જતા હતાં ત્યારે મક્કમ ચોક પાસે અજાણ્યા બાઇક ચાલક સાથે વાહન અથડાતાં તે અમારી સાથે ઝઘડો કરે છે જેથી તું રાજ પાઉભાજી પાસે તાત્કાલીક આવ. આથી હું મારા ઘરેથી ગોંડલ રોડ રાજ પાઉભાજી પાસે પહોંચ્યો હતો.

અમે ત્યાં જતાં બે ત્રણ અજાણ્યા શખ્સો મારા મોટા ભાઇ રવિભાઇને માર મારતાં હતાં. એકાદ શખ્સ ત્યાં સાથે હતો. આ શખ્સો છરીના હાથાથી મારા ભાઇને માથા, પીઠના ભાગે મુંઢ ઘા મારતાં હોઇ હું તેને છોડવવા વચ્ચે પડ્યો હતો. આ વખતે એક અજાણ્યા શખ્સે નજીકમાંથી ક્યાંકથી તાવીથો લાવ્યો હતો અને મારા કાકાના દિકરાને પીઠ પાછળ ફટકારી ઇજા પહોંચાડી હતી. આ પછી તેણે મારા ભાઇને અને કાકાના દિકરાને એમ બંનેને તાવીથાથી ફટકાર્યા હતાં. દેકારો થતાં બીજા લોકો ભેગા થઇ જતાં આ શખ્સ ગાળો દેવા માંડ્યો હતો. હું વચ્ચે પડતાં મને પણ ગાળો દીધી હતી. લોકો ભેગા થઇ જતાં તે ભાગી ગયો હતો.

આ દરમિયાન કોઇએ ૧૦૮ બોલાવતાં મારા ભાઇ રવિભાઇને હોસ્પિટલે લઇ ગયા હતાં. જ્યાં તેણે પ્રાથમિક સારવાર લીધી હતી. વાહન અથડાવા બાબતે મારા ભાઇ અને કાકાના દિકરા સાથે અજાણ્યા શખ્સે ઝઘડો કરી છરીથી હુમલો કરી તેમજ તાવીથાથી માર માર્યો હતો. એ-ડિવીઝન પોલીસ ઇન્સ. બી. વી. બોરીસાગરના માર્ગદર્શનમાં હેડકોન્સ. એન. બી. શિયાળે ગુનો દાખલ કર્યો હતો. ડી. સ્ટાફ પીએસઆઇ રાણા અને સ્ટાફે મોરબી રોડ પર રહેતાં અને અનેક ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુકેલા ઇબ્રાહીમ ઉર્ફ ઇભલો કરીમભાઇ કાથરોટીયાના બે ભાઇઓ ફિરોઝ કરીમભાઇ કાથરોટીયા , સલિમ કરીમભાઇ કાથરોટીયા અને પરેશ રમેશભાઇ વાઘેલાની ધરપકડ કરી હતી. ઇભલાની શોધખોળ યથાવત રાખવામાં આવી હતી. તાજેતરમાં ઇભલાને ઉપરા ઉપર બે વખત પ્ર.નગર પોલીસ તેમજ એલસીબી ઝોન-૧ ટીમે તીનપત્તીના જુગારમાં પકડ્યો હતો. એક સમયે ઘોડીપાસાના પાટલા માંડતો ઇભલો હવે શાંત છે, પણ સમયાંતરે તે ડખ્ખા કરતો રહે છે. તેના વિરૂધ્ધ ચાલીસથી વધુ ગુના દાખલ થયેલા છે.

# વિધાનસભા સત્રમાં ૫ વિધેયક થશે રજૂ

## સપ્ટેમ્બરથી શરૂ થતાં આ સત્રમાં શ્રમ, કૌશલ્ય વિકાસ-રોજગાર, નાણા, ઉદ્યોગ-ખાણ , આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વિધેયકો

ગાંધીનગર, તા. ૩

રાજ્યમાં આગામી તા. ૮ થી ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન ૧૫મી ગુજરાત વિધાનસભાનું સાતમું સત્ર યોજાશે. આ ત્રણ દિવસની સંભવિત કામગીરી સંદર્ભે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે,તા. ૮ મી ના રોજ  સત્રની શરૂઆત પ્રશ્નોતરીથી થશે ત્યારબાદ સમગ્ર દિવસ દરમિયાન શોકદર્શક પ્રસ્તાવો પર ચર્ચા થશે. ત્યારબાદ ગૃહ મુલતવી રાખવામાં આવશે. તારીખ ૯ અને ૧૦ ના રોજ વિધાનસભામાં પ્રશ્નોતરી અને અન્ય કામકાજ ઉપરાંત પાંચ વિધેયક રજૂ કરાશે. ઓપરેશન સિંદુરની સફળતાના પગલે  આ સત્ર દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા અભિનંદન પ્રસ્તાવ લાવવામાં આવશે.

વધુ વિગતોમાં તેમણે કહ્યું કે, સત્ર દરમિયાન કુલ પાંચ વિધેયક રજૂ કરાશે. જેમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનું ‘કારખાના (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૫’, નાણા વિભાગનું ‘ગુજરાત માલ અને સેવા કર (દ્વીતીય સુધારા) વિધેયક, ૨૦૨૫’, ઉદ્યોગ અને ખાણ વિભાગનું ‘ગુજરાત જનવિશ્વાસ (જોગવાઈઓના સુધારા) વિધેયક’, ૨૦૨૫ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું ‘ગુજરાત વૈદ્યક વ્યવસાયીઓનું (સુધારા) વિધેયક, ૨૦૨૫’ અને ‘ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક, ૨૦૨૫’ રજૂ કરવામાં આવશે.

વિધેયકની વિગતો આપતા મંત્રીએ જણાવ્યું હતુ કે, રાજ્યમાં ઔદ્યોગિક રોકાણ અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા તેમજ રોજગારની વધુ તકો ઊભી કરવા માટે રાજ્ય સરકારે કામદારો માટે ખાસ કરીને મહિલા કર્મચારીઓ માટે આવશ્યક લાભો-સુરક્ષાના પગલાંઓ સબંધી કાયદાકીય જોગવાઈઓ કરીને કામના કલાકોમાં સુધારા લાવવા માટે પગલાં લેવા જરૂરી હોઇ વટહુકમ લાવવામાં આવ્યો હતો. જેના સંદર્ભે  વટહુકમને અધિનિયમમાં રૂપાંતરીત કરવા ‘કારખાના (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૫’ રજૂ કરવામાં આવશે.

વધુમાં, પ્રવક્તા મંત્રીએ કહ્યું કે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કાઉન્સિલની ભલામણોને શક્ય તેટલી વહેલી તકે લાગુ કરવા અને કેન્દ્રીય ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અધિનિયમ, ૨૦૧૭ અને ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અધિનિયમ, ૨૦૧૭ ની જોગવાઈઓની એકરૂપતા જાળવવા માટે ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અધિનિયમ ૨૦૧૭માં સુધારો કરવો જરૂરી હોઇ વટહુકમ કરવામાં આવ્યો છે. જેના સંદર્ભે વટહુકમને અધિનિયમમાં રૂપાંતરીત કરવા આ વિધેયક લાવવામાં આવશે.

આ ઉપરાંત ઉદ્યોગોમાં વ્યવસાય પ્રક્રિયાના પુનઃનિર્માણને પ્રોત્સાહન મળે અને લોકોના જીવનની સરળતામાં સુધારો થાય તે હેતુથી રાજ્ય સરકાર કાનુની નિયમનોને સરળ બનાવવા, ડિજિટાઇઝેશન અને તર્કસંગત બનાવવા જેવા શ્રેણીબદ્ધ પગલાં લેવા માટે તત્પર છે. જે અંતર્ગત સરકાર સરકાર જીવન અને વ્યવસાયોને સરળ બનાવવા અને કોર્ટ પરનો કેસોનો ભારણ ઘટાડવા માટે ‘ગુજરાત જનવિશ્વાસ (જોગવાઇઓના સુધારા) વિધેયક, ૨૦૨૫’ રજૂ કરશે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કેન્દ્ર સરકારની સૂચના મુજબ રાજ્યમાં આયુર્વેદિક અને યુનાની પ્રેક્ટિશનરોની પ્રેક્ટિસ-નોંધણીની નિયમનકારી સંસ્થાને સ્ટેટ મેડિકલ કાઉન્સિલ ફોર આયુર્વેદિક અને યુનાની સિસ્ટમ્સ ઓફ મેડિસિન તરીકે ઓળખવામાં આવશે. જેથી ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર્સ એક્ટ, ૧૯૬૩માં ‘‘બોર્ડ‘‘ શબ્દને બદલે ‘‘કાઉન્સિલ‘‘ શબ્દનો ઉપયોગ કરીને યોગ્ય સુધારા લાવવા જરૂરી છે. જેના ભાગરૂપે ‘ગુજરાત વૈદ્યક વ્યવસાયીઓનું (સુધારા) વિધેયક, ૨૦૨૫’ લાવવામાં આવશે.

તદુપરાંત રાજ્ય સરકારે રાજ્યમાં ક્લિનિકલ સંસ્થાઓની નોંધણી અને નિયમન માટે ગુજરાત ક્લિનિકલ સ્થાપના (નોંધણી અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ લાગુ કર્યો છે. રાજ્યભરમાં આ કાયદાનો અસરકારક અમલ થાય તે માટે કાયદા દ્વારા ફરજિયાત નોંધણી માટે ક્લિનિકલ સંસ્થાઓને વધુ વ્યાજબી સમય પૂરો પાડવો જરૂરી માનવામાં આવે છે. જે અંતર્ગત ‘ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક, ૨૦૨૫’ રજૂ કરવામાં આવશે, તેમ પ્રવક્તા મંત્રીએ ઉમેર્યું હતું.



### રાજ્ય સરકારના મંત્રી બચુખાબડને વિધાનસભાના ચોમાસુ સત્રથી રખાશે દૂર : સતત ૧૮મી કેબિનેટમાં ગેરહાજર

રાજ્ય સરકારના મંત્રી બચુ ખાબડના પુત્રોની મનરેગા કૌભાંડમાં ધરપકડ થયા બાદ તેમને સરકારી કાર્યક્રમોમાંથી બાદ રાખવામાં આવ્યા છે.સ્વાતંત્ર્ય પર્વ પર રાજ્યમંત્રી બચુ ખાબડને પડતા મુકાયા છે.તેમનું મંત્રાલય પણ હાલમાં સુમસામ વ્યાપી રહ્યું છે.રાજ્યભરના વિવિધ જિલ્લાના કાર્યક્રમોમાંથી તેમની બાદબાકી કરવામાં આવી છે.હવે આગામી સમયમાં યોજાનાર વિધાનસભાના ચોમાસુ સત્રમાં પણ તેઓ દૂર રહશે. તેઓ સતત ૧૮મી કેબિનેટમાં ગેરહાજર જોવા મળ્યા છે. રાજ્ય સરકારના પંચાયત મંત્રી બચુ ખાબડ મનરેગામાં તેમના પુત્રો પર ભ્રષ્ટાચારના આરોપો લાગ્યા બાદ કેબિનેટ બેઠકમાં સતત ગેરહાજર જોવા મળ્યા છે. તેઓ સતત ૧૮મી કેબિનેટમાં પણ ગેરહાજર રહ્યાં છે. તેમનું મંત્રાલય હાલમાં સુમસામ ભાસી રહ્યું છે. તેઓ છેલ્લે એપ્રિલ મહિનામાં કેબિનેટમાં હાજર રહ્યા હતાં. તેઓ 30 એપ્રિલથી ત્રીજી સપ્ટેમ્બર સુધીની કેબિનેટની બેઠકમાં ગેરહાજર રહ્યાં છે. તેમના બંને પુત્રો મનરેગા કૌભાંડમાં સંડોવાયેલા હોવાનું બહાર આવતા જ તેઓ સતત ગેરહાજર જોવા મળી રહ્યાં છે. રાજ્ય સરકારે આ પરથી સ્પષ્ટ મેસેજ આપ્યો છે કે, ભ્રષ્ટાચારી મંત્રી હોય કે અધિકારી કોઈપણને સહેજ પણ ચલાવી લેવામાં નહીં આવે.મંત્રાલય અને કેબિનેટ બેઠકમાં સતત ગેરહાજરી વચ્ચે વિધાનસભા સત્રમાં પણ મંત્રીને દૂર રખાશે રાજ્ય સરકારના પંચાયત મંત્રી બચુ ખાબડના પુત્રોના મનરેગા કૌભાંડને કારણે રાજ્ય સરકારની છબી ખરડાઈ રહી છે. ત્યારે આગામી સમયમાં ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રમાં પણ તેમને દૂર રાખવામાં આવે તેવી શક્યતાઓ સર્જાઈ છે.




# રાજકોટના ૬૦૦ વેપારીઓના બેંક ખાતાને ટાંચમાં લેતું GST

## વ્યાપારી આલમમાં રોષ : છેલ્લા ઘણા સમયથી પ્રોવિઝનલ અટેચમેન્ટ માટે પેઢીને નહીં સીધું બેંકને જ લેટર લખે છે વિભાગ

રાજકોટ, તા. ૩

સરકારે જે સમયથી જીએસટીની અમલવારી શરૂ કરી તે સમયથી જ હાલ ઘણા ખરા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે એટલું જ નહીં લીટીગેશનના પણ અનેકવિધ પ્રશ્નો એ વ્યાપારીઓ તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને હેરાન પરેશાન કર્યા છે ત્યારે ફરી એક વખત રાજકોટ જીએસટી વિભાગ દ્વારા વેપારીઓને વસૂલાતના કેસમાં બેંક ખાતાઓને કાચમાં લેવામાં આવી રહ્યા છે જે ઘટના ને ધ્યાને લઈ હાલ વ્યાપારીઓમાં પણ ભારે રોષ વ્યાપી ઊઠ્યો છે. જીએસટી બાર આ નિર્ણયના વિરોધમાં આગળ આવે તેવી પણ હાલ સ્થિતિ ઊભી થઈ છે મળતી માહિતી મુજબ જીએસટી વિભાગના અધિકારીઓ દ્વારા એક તરફી ચુકાદા આપ્યા હોવાનું માલુમ પડ્યું છે અને રાજકોટ જીએસટી એ વસૂલાતના કેસોમાં ૫૦૦ થી ૬૦૦ જેટલા વેપારીઓના બેન્ક ખાતા ટચમાં લેવાનો નિર્ણય કર્યો છે જે બાદ સમગ્ર શહેરમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.

જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર હાલ જીએસટી વિભાગ પછી તે સ્ટેટ હોય કે સેન્ટ્રલ જીએસટી હોય જે બેંક ખાતાને ટાંચમાં લેવાની જે કામગીરી કરવામાં આવી રહી છે તેનાથી ખરા અર્થમાં વ્યાપારીઓને ઘણી ખરી હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે અત્યારે એક તરફી નિર્ણય લેતા હોવાનો પણ ઘટસ્પોટ થયો છે અને આશરે રાજકોટના ૫૦૦ થી ૬૦૦ જેટલા વેપારીઓના બેંક ખાતાને ટાંચમાં મૂકી દેવાયા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર વર્ષો અગાઉ જે કેસનો ચુકાદો આવી ગયો હોય અને જે ફરિયાદ નિકાલ થઈ ગઈ હોય તેવા કેસમાં ટેક્સની રકમ ભરપાઈ થયેલ હોવા છતાં સિસ્ટમ દ્વારા જનરેટ થતા વ્યાજ અને પેનલ્ટીના પ્રશ્ન સરકારી અધિકારીઓ દ્વારા ઉઘરાણી કરવામાં આવતી હોવાનું જણાઈ રહ્યું છે આ અંગે વ્યાપારીઓમાં પણ ભારે અસરજ વ્યાપી ઊઠયું છે.

અમુક કિસ્સાઓમાં તો વેપારી ને અપીલના, ટ્રિબ્યુનલ હાઈકોર્ટના ચુકાદાઓમાં પણ વ્યાજ પેનલ્ટી ન ભરવાનો લાભ આપેલ હોય અને અપીલ આદેશમાં માત્ર વેરાની રકમ ભરવા જણાવેલું હોય એવા કિસ્સાઓમાં પણ વેરો ભરાઈ ગયા બાદ અધિકારીઓ દ્વારા સિસ્ટમમાં વ્યાજ પેન્ડિંગ બતાવે છે એવું કહી અને વેપારીઓને હેરાનગતિ કરવામાં આવી રહી છે. ત્યારે પ્રશ્ન એ ઉઠે છે કે શું સિસ્ટમ અને અધિકારીઓ હાઈકોર્ટ ના ચુકાદોઓ ને પણ ઘોળવીને સાઈડમાં રાખી દે છે ?

હાલ સૂત્રો દ્વારા જે માહિતી મળી રહી છે તેને ધ્યાને લઈ અત્યારે જીએસટી વિભાગના અધિકારીઓ દ્વારા કોઈપણ પાર્ટીને જાણ કર્યા વગર સીધો જ બેંકમાં પ્રોવિઝનલ અટેચમેન્ટ નો લેટર લખી બેન્ક એકાઉન્ટને સીઝ કરી દે છે જે ખરેખર નિયમ વિરુદ્ધ છે નિયમ અનુસાર કોઈ પણ અધિકારીએ પાર્ટીને સાત દિવસનો સમય આપવાનો હોય છે ટાંચમાં લેતા પહેલા જેમાં પાર્ટી પોતાનો મત આપી શકે છે પરંતુ હાલ જે સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે તેનાથી અધિકારીઓ ડાયરેક્ટ બેન્કનો સંપર્કસાદી બેન્ક એકાઉન્ટને ફ્રીઝ કરી દે છે જેનાથી વ્યાપારીઓને ભારે નુકસાની નો સામનો કરવો પડે છે.

# વિદ્યાર્થીઓ નામે મીંડુ હોય તેવી જિલ્લાની આઠ ખાનગી શાળાઓની માન્યતા રદ

## આગામી દિવસોમાં શહેર-જિલ્લા સ્તરે ફરી વખત હાથ ધરાશે તપાસ : શિક્ષણ પ્રક્રિયાને અસર પહોંચાડે છે ડમી સ્કૂલ ઇન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારીએ પણ સ્વીકાર્યું

રાજકોટ, તા. ૩

સરકાર ભાર વગરના ભણતરની વાત તો કરે છે પરંતુ ઘણી ખરી શાળાઓ પછી તે સરકારી હોય કે ખાનગી તેની અમલવારી થાય છે કે કેમ તે જાણવું પણ એટલું જ આવશ્યક અને જરૂરી છે પરંતુ હાલની સાંપ્રત પરિસ્થિતિને જો ધ્યાને લેવામાં આવે તો ઇન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલ દ્વારા જિલ્લાની આઠ ખાનગી શાળાઓને બંધ કરવાનો નિર્ણય લીધો હોવાનું પણ માલુમ પડ્યું છે જેમાં શૂન્ય વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી શાળાઓ હોય કે પછી ટ્રસ્ટની શાળા હોય કે જે તેને ચલાવવા માટે સહેજ પણ તૈયાર ન હોય અથવા તો આરટીઇ હેઠળની જે શાળાઓ હોય તેમાં ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા હતા જે અંગે તપાસ હાથ ધરાવતા જિલ્લાની આઠ શાળાઓને તાળા લગાવી દેવામાં આવ્યા છે આ અંગે સંચાલકોને બોલાવી તેમની પાસે લેખિત લેવામાં આવ્યું છે.

બીજી તરફ જિલ્લા શિક્ષણ અધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે આગામી દિવસોમાં પણ જિલ્લાની અન્ય કોઈ શાળા આ પ્રકારની ચાલતી હોય તો તેના ઉપર પણ કાયદાકીય પગલાં લેવામાં આવશે અને તેની માન્યતા રદ કરવા સુધીના હુકમો પણ થશે. રાજકોટ જિલ્લાની આઠ ખાનગી શાળાઓને બંધ કરવા જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારીના આદેશના પગલે આ તમામ શાળાઓમાં તાળા લાગી ગયા છે. આ શાળાઓ વિદ્યાર્થીઓ વગર માત્ર કાગળ પર ચાલતી હોવાનું ખુલતા કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પટેલનો સંપર્ક કરાતા તેઓએ કહ્યું કે, જિલ્લાની આ આઠ જેટલી ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ન હોવાનું ખુલતા તેઓને ગત જુલાઇ-૨૦૨૫માં જ આ શાળાઓને બંધ કરવા નોટીસ ફટકારી દીધી હતી.

જે બાદ આ આઠ ખાનગી શાળાઓના સંચાલકોના ગાંધીનગર ખાતે પ્રાથમિક શિક્ષણ નિયામક સમક્ષ હિયરીંગ થવા પામેલ હતા. આ બંધ કરાયેલ સંસ્થામાં માત્ર આર.ટી.ઇ.ના ફાળવાયેલ ૫-૬ વિદ્યાર્થીઓની સંખ્યા હતી જેને અન્ય સંસ્થામાં ફાળવી દેવાયા છે. જિલ્લામાં વિદ્યાર્થીઓ વગરની જે આઠ ખાનગી શાળાઓ બંધ કરવામાં આવી છે. તેમાં ગોંડલ, ધોરાજી, જસદણ તાલુકાની શાળાઓનો સમાવેશ થાય છે.

વધુમાં તેઓએ માહિતી આપતા જણાવ્યું કે હાલ રાજકોટ શહેરમાં ડમી સ્કૂલ નો જે પ્રશ્ન છે તે અત્યંત વિકરાળ બની ગયો છે પરંતુ કામના ધારણના પગલે હાલ બધી કામગીરી એક સાથે થઈ શકે તેમ નથી ત્યારે ખાનગી રહે હાલ ડમી સ્કૂલ ઉપર તપાસો ચાલી રહી છે ઘણી ખરી રાજકોટની જાણીતી શાળાઓમાં પણ ડમી સ્કૂલ કન્સેપ્ટ લાગુ થયું હોવાનું પણ માલુમ પડ્યું છે જેના ઉપર આકરા પગલાં પણ લેવામાં આવશે તેવું જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું. હાલ રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારીનો હવાલો ઇન્ચાર્જ અધિકારી પાસે છે ત્યારે કામનું ધારણ વ્યાપક હોવાના કારણે ખુદ ઇન્ચાર્જ શિક્ષણ અધિકારીએ પણ જણાવ્યું હતું કે આ અંગે રાજ્ય સરકારમાં રજૂઆત પણ કરવામાં આવી છે અને કોઈ કાયમી શિક્ષણ અધિકારીની નિમણૂક કરવામાં આવે તેવું પણ જણાવવામાં આવ્યું છે કારણ કે જિલ્લા શિક્ષણ અધિકારીનો ઇન્ચાર્જ તરીકેનો ચાર્જ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી તરીકે રેગ્યુલર ચાર્જ હોવાના કારણે બંને કામગીરીમાં સમય સૌથી મોટી બાધા અને અવરોધ બને છે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ વિવિધ શૈક્ષણિક યુનિયનો દ્વારા પણ આ અંગે રાજ્ય સરકારમાં રજૂઆત કરવામાં આવી છે જેના પરિણામે આગામી દિવસોમાં ખાસ જિલ્લા શિક્ષણ અધિકારીની કાયમી ભરતી કરવામાં આવે તેવા સંજોગો હવે પ્રબળ બન્યા છે.




### ડમી સ્કૂલનું દૂષણ કરાશે દૂર

**રાજકોટ જિલ્લા ઇન્ચાર્જ શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે જણાવ્યું કે હાલ સમગ્ર શહેરમાં ડમી સ્કૂલનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે જે અંગેની જાણકારી પણ છે અને ગુપ્ત રાહે તપાસ પણ કરવામાં આવી રહી છે ત્યારે પ્રાથમિકતા ના આધારે સર્વપ્રથમ જે શાળાઓના નામ ખુલ્યા છે અને તેમના વિરુદ્ધના તમામ આધાર પુરાવાઓ એકત્રિત થશે ત્યારબાદ જ તેમના સંચાલકોને બોલાવી સર્વપ્રથમ તેમના દ્વારા જ આ ડમી સ્કૂલ બંધ કરવા માટે કહેવામાં આવશે અને જો સંચાલકો દ્વારા આ અંગે કોઈ યોગ્ય કામગીરી કરવામાં નહીં આવે તો શાળાની માન્યતા રદ કરવા સુધીના આકરા પગલાં પણ લેવાશે.**